**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ **૬-૦૦** વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧-૦૦**
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| હેપી ક્રિસ્ટમસ–હેપી ન્યુ ઇઅર | તંત્રી | ૩ |
| નવધા ભક્તિ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સાધના | નારાયણ હ. જાની | ૧૧ |
| ભગવાનની ટપાલ વાંચવાનો સમય કાઢો | ગુણવંત શાહ | ૧૯ |
| તમે બીજાને શીખવો છો, મને નહિ | કુંદનિકા કાપડીઆ | ૨૦ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૨૬ |
| તત્ત્વજ્ઞાન ને આધ્યાત્મિક વિચારોની આપ લે જરૂરી | સ્વામી રામ | ૩૬ |
| ભગવતી તપશ્ચર્યાદેવી | ભાણદેવજી | ૩૭ |
| ઉપનિષદ્દનું અમૃત | યોગેશ્વરજી | ૪૯ |
| સૌરાષ્ટ્રના પ્રજાપ્રેમી રાજવીઓ | સ્વામી જપાનંદ | ૫૫ |

## હેપી ક્રિસ્ટમસ—હેપી ન્યુ ઈઅર.

**પશ્ચિમની દુનિયામાં વસતા અધ્યાત્મના ગ્રાહકો ને વાંચકો, જેઓ ભગવાન ઈશુમાં શ્રદ્ધા ધરાવે છે, તેઓ સર્વેને અધ્યાત્મના સંચાલક મંડળના સભ્યો—તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી Happy Christmus—શુભ નાતાલ ઈચ્છી, જાન્યુઆરી ૨૦૦૮ થી શરૂ થતા ઈશુના નવા વર્ષના અભિનંદન તેમજ મંગલ કામનાઓ પાઠવે છે.**

**ભગવાન ઈશુનું નવું વર્ષ દુનિયાના સર્વે રાષ્ટ્રો અને માનવો માટે ખૂબ ખૂબ સુખ, શાન્તિ અને સમૃદ્ધિ લાવનારું બની રહો, એ જ મા—પ્રભુ પ્રત્યે મંગલ પ્રાર્થના.**

**— તંત્રી**

✡



# નવધા ભક્તિ

**પૂ. શ્રીના વ્યાખ્યાનને આધારે** **શ્રી યોગેશ્વરજી**

ઈશ્વર પ્રાપ્તિનાં જે વિવિધ સાધનો છે, તેમાંનું ભક્તિ પણ એક છે. ભક્તિ માર્ગના મહાન આચાર્યોમાં શ્રી શાંડિલ્યમુનિ અને ભક્તશિરોમણી શ્રી નારદજીનો સમાવેશ થાય છે. શાંડિલ્યમુનિએ ભક્તિ ઉપર સુંદર ગ્રંથ લખ્યો છે. તેમાં જણાવ્યું છે **परमात्मने परमानुरागो भक्तिः ।** શ્રી નારદમુનિએ પણ ભક્તિની વ્યાખ્યા આપતાં લખ્યું છે—**सा तु अस्मिन् परम-रागात्मिका—**અહીં **अस्मिन्** એટલે પરમાત્મામાં એમ સમજવાનું છે. પ્રભુમાં પરમ પ્રેમ કહો કે અનુરાગ કહો એ ભક્તિનું સાચું સ્વરૂપ છે.

ભાગવતમાં ભગવાન વેદવ્યાસજીએ ભક્ત પ્રહલાદના મુખે ભક્તિના નવ પ્રકાર વર્ણવ્યા છે જે આ પ્રમાણે છેઃ— **श्रवणं कीर्तनं विष्णो स्मरणं पादसेवनं । अर्चनं वंदनं सख्यं दास्यं आत्मनिवेदनम् ।**

આ નવ પ્રકારોમાં, રાજા પરીક્ષિત એ શ્રવણ ભક્તિનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. એકલી શ્રવણભક્તિનો પણ પૂરી એકાગ્રતાથી આધાર લેવામાં આવે તો તે ભક્તને જીવન-મરણના ફેરાઓમાંથી મુક્તિ આપવા સમર્થ છે. રાજા પરીક્ષિતને સાચા શ્રવણથી સાત દિવસમાં જ મુક્તિ પ્રાપ્ત થઈ ગઈ. શ્રવણની સાથે જો સ્મરણનો આધાર લેવામાં આવે તો પ્રભુ સાથેનો આપણો સંબંધ બંધાય છે. નામ સાથે નામી જોડાયેલો છે જ, એ શાસ્ત્રવચનમાં શ્રદ્ધા રાખી નામ જપ કરતા

રહો, પછી જ્યારે તેમાં ઓતપ્રોત બની જશો, ત્યારે બધાં જ વિધિવિધાનો આપોઆપ છૂટી જશે. પ્રભુનો વિરહ થવા માંડશે. ને અંતરમાંથી પ્રભુ સાથે સીધી વાતો થવા માંડશે. આમ પરા-ભક્તિ કે આત્મનિવેદનમ્ ભક્તિનો પ્રાદુર્ભાવ ભક્તના હૃદયમાં જ્યારે થઇ જશે ત્યારે પ્રભુ એનાથી દૂર નહિ રહી શકે. એ માટે જરૂર છે શ્રદ્ધાપૂર્વક સતત સાધનમાં લાગી રહેવાની.

સ્વનામધન્ય નારદમુનિએ ભક્તિના માત્ર બે જ પ્રકાર કહ્યા છે. એક ગૌણી અને બીજી પરા.

ગૌણી ભક્તિ બાહ્ય સાધનો ઉપર આધાર રાખે છે. એમાં ભગવાનનું કીર્તન, અર્ચન, પાદસેવન, તીર્થયાત્રા, દાન, ઉપાસના ને અનુષ્ઠાનોનો સમાવેશ થઇ જાય છે. ધૂપ, દીપ ને પુષ્પોનો એમાં ઉપયોગ થાય છે, સ્તવન ને કીર્તન એમાં ગવાય છે.

પરંતુ પરા ભક્તિમાં ભક્તને કશી જ બાહ્ય વસ્તુની જરૂર નથી. એ અને એના ભગવાન બસ બે જ. ભક્ત પ્રભુને સ્થૂલ દીપ, ધૂપ ને પુષ્પોને સ્થાને પોતાના હૃદયના ભાવોના અર્ઘ્યો ચડાવતો જ રહે છે. પ્રણાલિકાગત સ્તોત્રો ને મંત્રોને સ્થાને, તેના હૃદયમાંથી સરલભાવે ઉદ્ભવતા શ્રી રામકૃષ્ણપરમહંસ કે વાલ્મીકિ ઋષિની જેમ કેવલ ''મા'' કે ''રામ''ના ઉચ્ચારો જ પૂરતા છે. એમાં એમને કોઇ બીજા મંત્રોની કે બીજાં સ્તોત્રોની કદી જરૂર જણાય નહીં. આ પરાભક્તિનાં ઉત્તમ દૃષ્ટાંતો છે.

ઉત્તમ ભક્તિના લક્ષણોમાં દિલની સરલતાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. સરલતા સિવાય સાચી ભક્તિ કદી પ્રકટ થતી નથી. સરલ ભક્ત પર પ્રભુ હંમેશાં પ્રસન્ન રહે છે, કારણ કે એનામાં અભિમાન કે દર્પનો છાંટો પણ હોતો નથી. એટલે



જ શ્રીમદ્ શંકરાચાર્ય મહારાજે ગાયું છે કે ''**अविनयमपनय विष्णो दमय मनः शमय विषयमृगतृष्णाम् ।** હે પ્રભુ! તું મારામાં રહેલ અવિનયને—અભિમાનને હરી લે, ને મારા મનને સંયમિત કર કે જેથી મારી વિષયો અંગેની મૃગજળ જેવી તૃષ્ણાઓ શમી જાય.''

મીરાંબાઇ ને ભક્ત સુરદાસે પોતાના જીવનમાં પ્રભુને સર્વ સમર્પણ કરી દીધું હતું. સાચો ભક્ત લોકલાજથી કદી ડરતો નથી; એને મન એના ભગવાન સાથેના સંબંધોમાં જે કાંઇ વિક્ષેપકારક હોય તે બધું જ ત્યાજ્ય છે—પછી ઘરબાર, પતિ કે રાજ્ય ભલેને હોય!

સાચા ભક્તની પ્રાર્થના પ્રભુ સાંભળે છે જ. એ પ્રભુને કહે છેઃ ''હે પ્રભુ! હું ગમે તેવો તમારો છું. મારા અવગુણો ના જોશો. તમે તો સર્વ સમર્થ ને અંતરયામી છો, એટલે મારા દિલની વાતો જાણો છો જ. વળી તમે કરુણાનિધાન છો એટલે મારા ઉપર કરુણા ને કૃપા વરસાવતા રહેજો.''''દિલના આવા ભાવો પ્રભુને અવશ્ય પહોંચે છે.'' એ વાતમાં વિશ્વાસ રાખવો જોઇએ.''

યોગની સાધનામાં આવશ્યક લેખાય એવી ત્રણ બાબતો છે. સાધના માટેની ઉત્કટ ઇચ્છા, મનની નિર્મલતા અને સમજપૂર્વકના પ્રામાણિક પ્રયત્નો. ઈશ્વર ઉપરની શ્રદ્ધા એ તો સાધનાનો પાયો છે. પાયા વગર ઈમારત શેના ઉપર ઊભી કરશો?

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ ડીસેમ્બર–૨૦૦૭ અંક ૩

# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**તા. ૨–૧–૮૨ શનિવાર, પોષ સુદ સાતમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

સવારે પૂ. શ્રી પોતાના કાર્યમાં નિયમિત હોય છે. સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખન બધું જ કાર્ય ઘડિયાળના ટકોરે થઇ રહે છે. સર્વેશ્વરી પણ અનુષ્ઠાન કરે છે, જેથી સવારનો બધો સમય મંત્રજપ કરવામાં વીતી જાય છે. આજના દિવસની ૨૫૦ માળા મંત્રજપની પૂરી થઇ જાય છે.

આજે મુલાકાત દરમ્યાન ખાસ નોંધવા યોગ્ય વાતો ન થઇ. શ્રી હર્ષદભાઇનો આજે કેનેડાથી ફોન હતો. એમના જીવન પરિવર્તનની નવી પગદંડી ઉપર પગલાં ભરતાં ભરતાં સંતોના આશીર્વાદ લેવાની ઇચ્છા વારંવાર રાખે છે. એટલે તેઓ



ઘણીવાર ફોન કરે છે. ફોનથી પૂ. શ્રીના આશીર્વાદ મેળવી લે છે. નવી હિંમત, નવી આશા તેમને મળ્યા કરે છે.

ગઇ સાંજે કેનેડાથી શ્રી સુરેશભાઇ શાહનો પણ ફોન હતો. તેમણે કેનેડામાં ટોરેન્ટોમાં એક ધ્યાનકેન્દ્ર શરૂ થવાની વાત કરી, જેમાં પૂ. શ્રીના આશીર્વાદ માગ્યા. દર મહિનાની છેલ્લી તારીખે એટલે કે છેલ્લા રવિવારે તે ચાલુ રહેશે, વળી મા સર્વેશ્વરીની લોંગ પ્લે રેકોર્ડ તૈયાર કરીશું, એવી પણ વાતો કરી. ફરી ક્યારે પધારશો અને હવે જ્યારે પણ આવો ત્યારે ટિકિટની સેવા મને મળે એવી વિનંતિ કરી. શ્રી સુરેશભાઇની ભાવના ઊંચી છે.

આજે ભોજન ચણા, ભાત, શીરાનું લીધું. ભોજન બાદ સર્વેશ્વરી શ્રી વિનોદભાઇ સરોજબેન સાથે બહાર જાય છે. માર્ગમાં શ્રી વિનોદભાઇ કહેવા લાગ્યા, તા. ૬ ઠ્ઠીની ટિકિટ કદાચ એક્ષચેન્જ ન કરી આપે તો ભારત આપ મારી ટિકિટથી જાઓ. એટલી સેવા મને કરવાની ઇચ્છા છે. અમે વરસોથી રામકૃષ્ણ દેવનું જીવન વાંચતા તો પ્રભુએ અમને સારે માર્ગે પ્રેરણા કરીને પૂ. શ્રી અમારે ત્યાં ઉતર્યા. અમને ખૂબ જ આનંદ છે. વગેરે વાતો થઇ.

સાંજે હિન્દુમંદિરમાં પ્રવચન થયું. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. આજે ધ્યાનમાં બેસવાના સમયે જ પ્રવચન હોવાથી આજે ધ્યાન ન થયું. એ સમયમાં શ્રી વિનોદભાઇને સરોજબેનને પૂ. શ્રીએ મંત્ર પ્રદાન કર્યો. બંનેને દેવીના મંત્રો આપ્યા. સ્તુતિ સંભળાવી, બંનેને ખૂબ જ સંતોષ ને આનંદ થઇ ગયો. પૂ. શ્રીએ બટાકાપૌઆનો હળવો નાસ્તો કર્યો. આરામ કર્યો.

**તા. ૩–૧–૮૨ રવિવાર, પોષ સુદ આઠમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, ન્યુજરસી.**

પૂ. શ્રી સવારે સ્નાન કરી લે છે, માથામાં તેલ ઘસે છે. શીર્ષાસન વગેરે વ્યાયામ કરી નિયમિત લેખનકાર્ય શરૂ થઇ જાય છે. વચ્ચે વળી દૂધ પીવાનું બને છે.

થોડા આરામ બાદ પૂ. શ્રી પોણાબાર વાગ્યે બહાર આવીને બેઠા છે. મુલાકાતના આજના સમયમાં પનામાથી ફોન આવે છે. પૂ. શ્રી તેમની સાથે વાતો કરે છે. પનામાનાં તે બેને પૂ. શ્રીનાં દર્શન ન થાય ત્યાં સુધી એક ટંક ભોજનનો નિયમ લીધો છે. જેને ૧½ વર્ષ થઇ ગયું. તેની આજે જાણ થાય છે. પૂ. શ્રીએ તેમને કહ્યું કે ફોન ઉપર આપણે મળ્યાં, વાતો થઇ, એટલે દર્શન થયાં જ ગણાય. ભગવાન ઘણીવાર દર્શન આપે ત્યારે ફક્ત અવાજ જ સંભળાય એમ માનવાનું. માટે એક ટંક છોડી દો. દર ગુરુવારે એક ટંક ભોજન લો.

એ બેનની સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે તેમનો ૧૪ વર્ષનો દીકરો દરરોજની ૧૫૦ માળા કરે છે. નાનો ૯ વર્ષનો બીજો દીકરો પણ માળા કરવા ઇચ્છે છે. પતિપત્ની પણ નિયમિત જપ–પ્રાર્થના કરે છે. શુદ્ધ શાકાહારી છે. પૂ. શ્રીને પનામા આવવા આમંત્રણ આપે છે. અગાઉ પણ એમણે ફોન ઉપર એ જ વાત કરી હતી.

આજની મુલાકાતનો સમય ફોનની વાતમાં વિશેષ ગયો. પછી યજમાન પતિપત્નીએ પૂ. શ્રી પાસે દેવીની પ્રાર્થના દરરોજ કરવી એવી માગણી કરતાં પૂ. શ્રીએ "દર્શન આપો, વર આપો ને ઇચ્છા સર્વે પૂર્ણ કરો." એ સ્તુતિ ગાઇ સંભળાવી. બીજા શ્લોકો પણ ગાઇ સંભળાવ્યા, જે ટેપ થયા.



આજનું ભોજન ખીચડી શાકનું હતું. પૂ. શ્રીએ લીધું ત્યાર બાદ આરામ કર્યો.

સાંજે હિન્દુમંદિરમાં પૂ. શ્રીનું બીજું પ્રવચન હતું. પ્રવચન-નો વિશાલ હોલ શ્રોતાઓથી ભરાઇ ગયો હતો, પ્રવચન બાદ મંદિર તરફથી પૂ. શ્રીને ૧૫૧ ડોલર ભેટ આપ્યા. પૂ. શ્રીએ તે ભેટ સ્વીકારીને તરત જ મંદિરને તે રકમ દાનમાં આપી દીધી. આજે પૂજારી શ્રી પ્રવીણચંદ્ર જેમણે પૂ. શ્રી સાથે થોડી વાતો કરી જેમાં પ્રભુના દર્શન મને થાય એવા આશીર્વાદ આપો. એમ કહી પૂ. શ્રીનાં પુસ્તકો વાંચવાની ને મંગાવવાની વાતો પણ કરી. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયા. પૂ. શ્રીએ વળી રાત્રે પણ ચાર શ્લોક યજમાન બેનની માંગણીમાં ગાઇ સંભળાવ્યા, જે ટેપ થયા, પછી દૂધ પી પૂ. શ્રીએ આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)

માનવે સમજી લેવું જોઇએ કે મૃત્યુ વેળાએ આમાંનું કશું જ સાથે નથી આવવાનું. તો શું એણે એવા પદાર્થની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કર્યો છે જે સનાતન હોય? સદાને સારું એની સાથે હોય? જેને જોઇને એ કહી શકે કે સૃષ્ટિની સફરમાં સામેલ થઇને એણે સનાતન એવું કશુંક મેળવ્યું છે? સદાને સારું એની સાથે રહે એવું કશુંક મેળવ્યું છે? જો એનો પ્રત્યુત્તર હા હોય, તો માનવું કે એનું આ પૃથ્વી પર અવતરવું સાર્થક ગયું છે.

**—યોગેશ્વરજી**

# પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સાધના

નારાયણ હ. જાની

આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધવા ઇચ્છનાર વ્યક્તિએ, યુવાનીમાં જ પોતાના જીવનનું ધ્યેય સુસ્પષ્ટ કરી લેવું ખૂબ જરૂરી છે. તે નક્કી કરી લીધા સિવાય, સાધક પોતે તપ અને સાધના વડે ક્યાં પહોંચવા માગે છે, તેનો સ્પષ્ટ ખ્યાલ તેને આવી શકતો નથી. જે માનવો આટલું પ્રથમ નિશ્ચિત કરી લે છે, તેઓને ભાગે પછી પુરુષાર્થની કેડી ઉપર ધ્યેય પ્રતિ ચાલવાનું જ બાકી રહે છે.

મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પણ પોતાના વિદ્યાર્થીકાળથી જ પોતે જીવનમાં શું કરવા માગે છે, એ નક્કી કરી લીધેલું. જે વયે, સામાન્ય વિદ્યાર્થીને જીવન વિષે કોઇ ખ્યાલ જ ન હોઇ શકે, તે વયે તેઓ ધ્યાન વગેરે તો કરતા, પરંતુ પોતાના ધ્યેયની સિદ્ધિ જલદીથી શી રીતે થાય, એના વિચારો પણ કરતા. તેઓ કહેતા "મારે આ જીવનમાં લગ્ન કરવું નથી; પરંતુ શ્રી રામ-કૃષ્ણ પરમહંસની જેમ મા જગદંબાનાં કેવળ દર્શન કે તેઓની સાથે વાતો જ નહિ, પરંતુ તેમનો સ્થૂલ સ્વરૂપે આવિષ્કાર ને સાન્નિધ્ય પ્રાપ્ત થાય, તેવી સાધના કરવી છે."

તેઓશ્રીની આવી વાતો મારા માટે નવી ને કંઇક અંશે ઘણી અશક્ય લાગતી. એથી મેં તેઓને એક દિવસ પૂછ્યું : મહાત્માજી કોઇ સંત પુરુષે આપ કલ્પો છો, તેવી ભાવનાની સિદ્ધિ અગાઉ કરી છે ખરી? તો તેઓએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક કહ્યું : બીજાઓએ અગાઉ એ સિદ્ધ કર્યું છે કે નહિ, તે હું વિચારતો



નથી. પરંતુ મારે એ સિદ્ધ કરવું છે એ નક્કી. એ મારું ધ્યેય છે ને તેને સાકાર કરવા હું કોઇ પણ ભોગ આપવા તૈયાર છું" એમની વાણીમાં એ વખતે એવો તો આત્મવિશ્વાસનો રણકો સંભળાતો કે તે સાંભળનારના હૃદયમાં ઊઠતી શંકાને પણ નિર્મૂળ કરી નાંખે.

બીજા એક પ્રસંગમાં મેં તેઓશ્રીને પૂછેલું કે "જ્યારે આપે એટલું બધું ઊંચું ધ્યેય રાખ્યું છે, ત્યારે તેને આ જ જીવનમાં ચરિતાર્થ કરવાની કોઇ સાધના વિષે વિચાર કર્યો છે ખરો?

તેઓએ તુરત જવાબ આપ્યો, "જરૂર વિચાર કર્યો છે અને અનેક દિવસો સુધીની મથામણ પછી જે મને સ્ફૂર્યો છે, તે આ પ્રમાણે છે :"

"મારું ધ્યેય ખરેખર ઘણું ઊંચું છે. મારી સાધના મારા માટે તો છે, પણ એટલી જ સમગ્ર માનવજાતની શાંતિ ને સુખાકારીની ભાવનાથી પ્રેરિત છે. એટલે જો 'મા જગદંબા'ની કૃપા મેળવાય તો જ કામ સહેલું બને."

'પણ એ કૃપા શી રીતે મળે?'

"મા માટે જેમ બાળક રડે, તલસે એ રીતે હું રડીશ, તલસીશ. એના માટે જીવનનું સર્વસ્વ હોડમાં મૂકીશ. છતાં પણ જો કૃપા નહિ કરે, તો એમાં મારા કરતાં એની અપકીર્તિ વિશેષ થશે. પછી એની પ્રેમભક્તિમાં વિશ્વાસ કોણ કરશે?"

"હું એ પણ જાણું છું કે યોગના માર્ગે આ ધ્યેયની સિદ્ધિ માટે ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરવી પડે. એમાં કેટલાં વર્ષો લાગે, એ કોણ કહી શકે? એના કરતાં મારો આ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ સરળ, સલામત અને શ્રદ્ધાભર્યો છે. મને વિશ્વાસ છે કે આ જ જીવનમાં હું માની પૂર્ણકૃપા પામી લઇશ."

તેઓના આ શબ્દો, તેઓ જ્યારે માત્ર સત્તર અઢાર વર્ષની વયના હતા, ત્યારના છે. એમાં કેટલો પ્રબળ આત્મવિશ્વાસ દેખાય છે? તેમ જ પોતાના ધ્યેયની પૂર્તિ ખાતર સમગ્ર જીવનના બલિદાનની તૈયારી પણ નથી દેખાતી શું?

પોતાની સાધનાત્મક ધ્યેયની સિદ્ધિ માટે શરીરને કષ્ટ આપવામાં એમણે બાકી પણ ક્યાં રાખ્યું છે?—અનેક ઉપ-વાસોની પરંપરામાં ભર યુવાનીમાં એમની કાયા ઘસાઈને કાંઠલો થઇ ગયેલી. પરંતુ આ ઉપવાસો કોઇ હઠાગ્રહી અણ-સમજુ સાધકના ન હતા. એ ઉપવાસો માટે એમને આંતઃ-પ્રેરણાઓ મળતી અને તેઓ એક બાળક જેમ માના શબ્દો ઉપર શ્રદ્ધા રાખી આચરણ કરે એવી અટલ શ્રદ્ધાથી એનું અનુસરણ કરતા.

આ ઉપવાસો ઘણીવાર ખૂબ લાંબા ને કષ્ટપ્રદ બની રહેતા. તેઓશ્રીના લાંબામાં લાંબા ઉપવાસો ૧૦૧ દિવસના હતા, જ્યારે અતિ કષ્ટપ્રદ ઉપવાસોમાં ૩૩ દિવસના નાસિક ખાતેના ૪૮ કલાકે એકવાર પાણી લઇને કરેલા ગણી શકાય. બાકી આઠ પંદર દિવસના ઉપવાસો તો અનેક વર્ષો સુધી એકધારા ચાલ્યા.

આ ઉપવાસો દરમ્યાન પૂ. શ્રીને ઘણા ઘણા દિવ્ય અનુભવો થતા, ને સાધનાની સિદ્ધિના દિવસો પણ મળતા. છતાં તે પ્રમાણે પૂર્ણ સિદ્ધિ ન મળતી છતાં તેઓ કદી કંટાળતા નહિ કે શ્રદ્ધાય ખોતા નહિ. એથી ઉલટું એમ કહેતા કે ''આપણા વધુ તપની માને હજી જરૂર છે. એટલે આપણને વચગાળાની રાહત આપવા માટે મા જેમ બાળકને ફોસલાવે કે જો એ આવ્યું મામાનું ઘર—હવે ક્યાં આઘું છે? એમ મારી પૂર્ણ સિદ્ધિના દિન માટે કરતી લાગે છે.''



જો પહેલેથી જ એ કહી દે કે મારે ૧૦૦ દિવસના ઉપવાસ કરવાના છે, તો જરૂર મારા પગ ઢીલા થઇ જાય, પરંતુ એ તો રોજ રોજ કહેતી રહે આજે હજી ઉપવાસ છોડવાનો નથી; ચાલુ રાખો. એટલે એના વચનમાં શ્રદ્ધા રાખી, ચાલુ રાખવો જ પડે. એમ ઉપવાસના સમયનો કેટલોય લાંબો ગાળો એણે પા—પા પગલી કરાવી પસાર કરાવી દીધો. એ એની કેવી અદ્‌ભુત કરુણા કહેવાય!

એક સાધકે પૂ. શ્રીને એકવાર પૂછેલું કે ''આપની આત્મ-કથામાં આપને પૂર્ણ સિદ્ધિ માટે કેટલા બધા ખોટા દિવસો મળ્યા છે? એનું શું કારણ?''

તો પૂ. શ્રી એ એનો હસીને સુંદર જવાબ આપેલો. 'અરે ભાઇ, એણે મારે માટે એમ શા માટે કર્યું એ તો એ જાણે, હું કેમ કહી શકું? પરંતુ એ માટે મારાથી એના ઉપર થોડો કેસ થાય એમ છે? એમાં પણ મારું મંગલ જ હતું, એ હું હવે સારી રીતે સમજી શકું છું. ને તમે પણ સમજી શકશો.''

પૂ. શ્રી યોગેશ્વરજીમાં બાળપણથી જે કેટલીક વિશેષતાઓ દેખાતી તે આ પ્રકારની હતી.

ગુજરાતી તેમ જ અન્ય સાહિત્ય પ્રત્યે એમને ખૂબ જ પ્રેમ. એ માટે એમણે નાની વયમાં ઘણું વાંચેલું. વળી સાહિત્યના અતિ નિકટના પરિચયે—હૃદયમાં ઉઠતા ભાવોની અભિવ્યક્તિ-ની ઉત્કટતા દિન પ્રતિદિન વધતી જતાં, કાવ્યો ગીતો ને ભજનોની રચનાની સ્ફુર્ણા સ્વાભાવિક બની હતી. જો કે પ્રારંભમાં શબ્દો ને પ્રાસો કદીક ન મળતા જણાતા. છતાં એમાં વ્યક્ત થતા ભાવો તો ઘણી ઉચ્ચકોટિના તે વખતે પણ જણાતા.

એટલે જ એમણે પ્રારંભમાં મા જગદંબાને ઉદ્દેશીને ગાયું છે કેઃ–

"આપણો તો પૂરવજનમનો પ્રેમ,
તમે ભૂલી ગયાં છો કેમ?–આપણો."

એ જ માને એ પ્રાર્થે છે કે "હે મા તું શક્તિ આપ."
'બાહુમાં બળ દે અમારા, બાહુમાં બળ દે.'–કે જેથી અમે,

"માનવતાના માળી બનીએ, પૂજતાં રોજ તને,
કોઈની પણ ઉન્નતિ સાધે, એવું જીવન દે."

માની આ સાધના માટે, એમણે જે તપ સાધના કર્યાં, તે માટે જે કષ્ટો સહ્યાં, તેનો ચિતાર આપતી આ પંક્તિઓ કેવી સરસ છે?

"તજ્યાં ઘર, તજ્યા અમે મહલ ને તજ્યા વૈભવો,
તજ્યાં ભવસંબંધ, સ્નેહરસનાં બધાં બંધનો,
લઈ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ,
અમે વન મહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો."

અને આ બધું કરવા પાછળનો હેતુ તો આટલો જઃ–

"પ્રભો, અતુલ શક્તિ દો, પ્રકટ હો અમારા મહીં,
થઈ ભસમ જાય દુઃખ દુનિયા તણાં, વેદના."

પોતાના આ ધ્યેયની પૂર્તિ ખાતર તેઓએ કેવું કઠોર જીવન વીતાવ્યું છે, તેનો અણસાર તેઓની આ બીજી કૃતિમાં પણ જોવા મળે છેઃ–

અમે ગિરિગુફામહીં, વિવિધ આસને રાજતા,
પ્રસન્ન નિત પુષ્પ જેમ, દિનરાત ને ગાળતા.
સૂતા નવ કદી, કદી સતત અશ્રુયે સારતા,
પળે પળ વિષાદમગ્ન જન કાજ પ્રાર્થતા.



આવી કઠોર સાધના પછી પણ જો સિદ્ધિ ન મળે તો તેની પણ તેઓને ચિન્તા નથી. એમના હૃદયમાં શ્રદ્ધા છે કે જો નિષ્ફળતા મળશે તોઃ–

"હજાર ઈશુ જન્મશે, યદિ થશે અમારી ચિતા.

વળી પ્રેમના નિયમમાં એમની શ્રદ્ધા અટલ છે. પ્રેમ પારસ્પારિક હોય છે. ભક્તના હૃદયના સાચા પ્રેમનો પડઘો ભગવાનના હૃદયમાં પણ પડે છે. એટલે તેઓ માને છે" મેં જ્યારે પ્રભુ તને પ્રેમ જ કર્યો છે, તો એક દિવસ તારે મારી પાસે આવવું જ પડશે. આવ્યા વિના તું રહી શકીશ નહિ, એ હું જાણું છું. એમની આ અનોખી શ્રદ્ધાને એઓએ કેવો સરસ શબ્દ દેહ આપ્યો છે–તે તો જુઓ?

"લાત મારે તોયે જે પગ ચાટે,
તુચ્છકારે તોયે પ્રેમે પધારે,
એને એને થાક ભૂલ્યાને,
નિંદ તજીને બહાર ઊભાને,
ભેટ્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના.
"ઠોકે ઠોકે રોજ સવારે,
બારણાં તોયે ના તું ઉઘાડે,
તેને તેને અંતર તારે,
ગાન બનીને કો'ક સવારે,
જાગ્યા વિના ચાલશે ના,
પ્રેમ કર્યા વિના ચાલશે ના."

આમ પૂ. માની જેમ પૂ. શ્રી યોગેશ્વરજીની સાધનામાં પણ 'મા જગદંબા' ને ભાવોના સુંદર અર્ઘ્યો તેઓએ અવિરતપણે

અર્ષ્યા છે તે જ એમની ઉપાસના છે. એમાં સ્થૂલ ધૂપ, દીપ ને પુષ્પો નથી. એવી સાધન સામગ્રી એમની પાસે કદી હતી જ નહિ તો પછી ચઢાવે ક્યાંથી! એમણે પોતાના કોમળ હૃદયરૂપી કમળના પરાગરૂપ ભાવો ને વિરહની વ્યથામાં વહેતાં આંસુ-ઓના અર્ઘ્ય, મહિનાઓ નહિ પણ વરસો સુધી ચઢાવ્યા છે. ત્યારે જ મા એમની ઉપર આટલી પ્રસન્ન થઈ છે.

એ 'મા' જ્યારે પ્રસન્ન થાય ને દર્શન દે ત્યારે કેવી અદ્ભુત કૃતાર્થતા ભક્ત અનુભવે એનું વર્ણન એમના શબ્દોમાં જ આપણે જોઈએ.

"તમને જોતાં વેંત જ મારી વાણી જાયે થંભી,
કરું ઉપાય અનેક છતાં ના વાત શકું આરંભી,
આંસુ પ્રવાહો આંખે ચાલે, પ્રાણ ધડકતો મારો,
અનંત સુખ સાંપડતાં મારો મટી જાય શ્રમ સારો.
એ ઉત્સવની તોલે કોઈ ઉત્સવ ખરે ન આવે,
કો બડભાગી જન એ પાવે, કો બડભાગી ગાવે."

એ જ અનોખા મિલનની મસ્તીમાં એમણે ગાયું છે.

"અમે તો પ્રેમનગરના વાસી,
જ્ઞાન ભક્તિ અમારી દાસી."

પૂ. શ્રી યોગેશ્વરજીના સાધનાત્મક જીવનનું આ એક પાસું છે. તેઓ સાહિત્ય રસિક પ્રેમી ભક્ત હોવા છતાં આધ્યાત્મિક જીવનમાં મદદરૂપ એવા જ્ઞાન અને યોગને એમણે અવગણ્યાં નથી. એમણે હઠયોગની સાધના કરી છે ને ઉપનિષદોના અમૃતનું પાન કરી, એની સંતૃપ્તિ પણ અનુભવી છે. આવો સુભગ સમન્વય બહુ જ ઓછા મહાપુરુષોમાં જોવા મળે છે.

જ્ઞાન, ભક્તિ અને યોગના સમન્વયને એમણે કર્મયોગ



આચરીને દીપાવ્યો છે. પોતે આત્મતૃપ્ત ને આપ્તકામ હોવા છતાં, એમણે લોકોપયોગી લેખનની પ્રવૃત્તિ તેમ જ સહજ રીતે થતા પ્રવાસો ને પ્રવચનોને અવગણ્યાં નથી. ભૌતિક સંપત્તિ આજના યુગમાં આવશ્યક છે, તે સત્યને તેઓએ આત્મિક સાધનામાં રસ લેતા સાધકોને પણ ઉપદેશ્યું છે. આમ છતાં જીવનનું પ્રભુની સંપ્રાપ્તિનું ઉદાત્ત ધ્યેય, કદી પણ ન ભૂલી જવાય, એની સતત જાગૃતિ રાખવાનું પણ એમણે એટલા જ ભારપૂર્વક પ્રબોધ્યું છે.

આવા એક અનોખા સંતની સાધનાને આપણે સમજીએ એમના ઉપદેશોને જીવનમાં આચરીએ, ને આજ જીવનમાં આત્મવિકાસની કેડી ઉપર પગલાં ભરી—મનુષ્યજીવનની સફળતા પામી લઈએ. એ જ એમના ઉપદેશોનો સાર રહ્યો છે.

જાણવું એ ફક્ત માહિતી ભેગી કરવા જેવું છે. અભ્યાસથી સીધો અનુભવ મળે છે. એ જ નક્કર જ્ઞાન છે. **— સ્વામી રામ**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# ભગવાનની ટપાલ વાંચવાનો સમય કાઢો

ગુણવંત શાહ

કોણ વાંચે છે ભગવાન તરફથી રોજ રોજ મોકલાતી અસંખ્ય આ ટપાલોને? કોને સમય છે પ્રભુ તરફથી રોજ રોજ નવી નવી ઢબે લખી મોકલાતી આ ટપાલોને ઉકેલવાનોય એટલે જ ગુજરાતી સાહિત્યના મૌલિક વિચારક—ને લેખક શ્રી ગુણવંત શાહના શબ્દોમાં એને વાંચીએ અને માણીએ.

સૂર્ય રોજ આપણને જીવન નામની ટપાલ પહોંચાડે છે, પર્વતો અસંખ્ય નદીઓ દ્વારા માતૃત્વ પહોંચાડે છે. પુષ્પો સુગંધ પહોંચાડે છે.

પાંદડે પાંદડે પરમેશ્વરના હસ્તાક્ષરમાં લખાયેલી આ ટપાલ માણસને પહોંચતી જ રહે છે. ભગવાનની આ ટપાલ વાંચવાની ફુરસદ આપણી પાસે છે ખરી!

## દિવ્ય ટપાલી

કોઈ વૃક્ષ કપટી નથી હોતું. કોઈ પંખી ભ્રષ્ટ નથી હોતું. કોઈ વાદળ કંજૂસ નથી હોતું. પર્વત જેટલો ઊંચો, તેમ એની ખીણ ઊંડી. મહાસાગર ગહન—ગંભીર ખરો, પણ એનો ઉમળકો તો અનંત તરંગરાશિ પર સદાય ઊછળતો જ રહે છે. નદીના હૃદયમાં ભેદભાવ નથી હોતો. સાધુ જેવા દેખાતા ગમે તે માણસનો ચરણસ્પર્શ કરવા માટે પાગલ બનીને પડાપડી કરનારા લોકોને ઉપર ગણાવ્યાં તેવાં ભવ્ય અને દિવ્ય ગુરુ-સ્થાનો નજરે નહીં પડતાં હોય?



# તમે બીજાને શીખવો છો, મને નહિ.

કુંદનિકા કાપડીઆ

## સ્વામી રામના અનુભવો

મેં એક દિવસ મારા ગુરુને કહ્યું : ‘તમે મને છેતરો છો.’ આપણામાં અધૂરપો હોય છતાં આપણો અહં પ્રબળ હોય ત્યારે આપણે બીજાને દોષ દેતા હોઈએ છીએ.

તેમણે પૂછ્યું : ‘કેમ, શું થયું?’

મેં કહ્યું : ‘તમે મને હજી બાળક સમજો છો અને મારાથી વસ્તુઓ છુપાવો છો.’

‘કહે તો, હું શું છુપાવું છું?’

‘તમે મને ભગવાનનાં દર્શન કરાવતા નથી. કદાચ તમે કરાવી પણ ન શકો. તમે મને ભગવાન વિશે માત્ર ઉપદેશ આપી શકો છો. તમારી શક્તિની જો આ મર્યાદા હોય, તો પછી તમારે એ વિશે પ્રામાણિક થવું જોઈએ.’

તેમણે જવાબ આપ્યો : ‘આવતી કાલે સવારે હું તને પ્રભુદર્શન કરાવીશ.’

મેં પૂછ્યું : ‘ખરેખર?’

તેમણે કહ્યું : ‘ચોક્કસ વળી…તું એ માટે તૈયાર છે ને?’

સૂવા જતાં પહેલાં હું હંમેશાં ધ્યાનમાં બેસતો, પણ તે રાતે હું બેસી ન શક્યો. મને ખાતરી જ હતી કે સવારમાં મને પ્રભુદર્શન થશે, પછી ધ્યાનમાં બેસવાનો શો અર્થ?

હું એટલો તો ચંચળ ને ઉત્તેજિત હતો કે આખી રાત ઊંઘી

ન શક્યો. વહેલી સવારમાં હું મારા ગુરુ પાસે ગયો. હું નાહ્યો પણ નહોતો. મને થયું : ગુરુ મને ભગવાનનું દર્શન કરાવી રહ્યા હોય ત્યારે નાહવામાં વખત શીદને બગાડવો? મેં માત્ર મોં પર પાણી છાંટ્યું. વાળ પર હાથ ફેરવ્યો અને એમની સમક્ષ હાજર થઇ ગયો.

તેમણે કહ્યું : 'બેસ.'

મને થયું કે હવે તેઓ મને ભગવાનનાં દર્શન કરાવશે. આમ તો હું ભાગ્યે જ નમ્રતા દાખવતો, પણ તે સવારે હું અતિ નમ્ર બની ગયો. મેં અનેક વાર તેમને દંડવત્ કર્યા. તેમણે મારા ભણી જોઇને કહ્યું : 'તને શું થઇ ગયું છે? આમ કેમ કરે છે? તું આટલો બધો લાગણીવશ કેમ બની ગયો છે?'

મેં કહ્યું : 'ભૂલી ગયા? તમે મને પ્રભુદર્શન કરાવવાનું વચન આપેલું ને!'

તેમણે કહ્યું : 'ભલે, તો હવે કહે કે તારે કયા પ્રકારના ભગવાન જોવા છે?'

મેં કહ્યું : 'મહારાજ, ભગવાનના વળી ઘણા પ્રકાર હોય કે?'

તેમણે પૂછ્યું : 'ભગવાન વિશેનો તારો ખ્યાલ શો છે? વ્યાખ્યા શી છે? હું બરોબર તારી વ્યાખ્યા અને ખ્યાલ પ્રમાણેના ભગવાન બતાવીશ. દરેક જણને ભગવાનમાં અચળ શ્રદ્ધા રાખ્યા વિના ભગવાનનાં દર્શન કરવાં હોય છે. તમે શોધ કરતા હો, પણ શોધના વિષય પરત્વે તમને ખાતરી ને વિશ્વાસ ન હોય તો તમને શું મળે? જો હું તને એમ કહું કે તું જે કંઇ જુએ તે ભગવાન જ છે તોપણ તને કોઇ સંતોષ નહિ થાય. ધાર કે હું તને ભગવાન બતાવું અને તું કહે કે ના, એ ભગવાન નથી, તો



હું શું કરું? એટલે ભગવાન વિશે તું કઇ રીતે વિચારે છે એ કહે, તો હું એ ભગવાન તારી સામે રજૂ કરું.'

મેં એમને કહ્યું : 'જરા થોભો, મને વિચાર કરવા દો.'

તેમણે કહ્યું : 'ભગવાન તારી વિચારશક્તિની હદમાં નથી. તારા ધ્યાનના આસન પર પાછો જઇને બેસ, પછી તુ તૈયાર હો ત્યારે મને જણાવજે. તારે કેવા પ્રકારના ભગવાન જોવા છે એ તું નક્કી કર, પછી તું ગમે તે સમયે મારી પાસે આવજે. હું જૂઠું નથી કહેતો, હું જરૂર તને ભગવાન બતાવીશ. તને ભગવાન બતાવવા એ મારી ફરજ છે.'

ભગવાન કેવા હોય તેની મેં ઘણી કલ્પના કરી, પણ મનુષ્ય સ્વરૂપથી આગળ મારી કલ્પના જઇ શકી નહિ. મારું મન વનસ્પતિ—સૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને પછી મનુષ્યજાતિ પર ઘૂમી વળ્યું. છેવટે મેં એક પ્રજ્ઞાવાન, સુંદર અને અત્યંત શક્તિશાળી માણસની કલ્પના કરી. મેં કહ્યું : ભગવાન આવા દેખાવા જોઇએ. પછી મને સમજાયું કે હું મૂર્ખતાભરી માગણી કરતો હતો. મારા મનમાં જ સ્પષ્ટતા ન હોય તો હું કેવી રીતે કંઇ અનુભવ કરી શકું?

છેવટે હું ગુરુ પાસે ગયો અને કહ્યું : 'મહારાજ, મને એવો ભગવાન બતાવો જે અમને દુઃખમાંથી મુક્ત કરે અને અમને સુખી કરે.'

તેમણે કહ્યું : 'એ તો સમત્વયુક્ત, શાંતસ્થિર અવસ્થા છે અને એ તારે પોતે કેળવવાની છે.'

મનની સ્પષ્ટતા વિના ભગવાનને જોવાની ઇચ્છા કરવી એ અંધારામાં ફાંફાં મારવા જેવું છે. મેં જોયું કે માણસનું મન મર્યાદિત છે અને તે પોતાનાં મર્યાદિત સાધનો અનુસાર જ

ચિત્રો ખડાં કરે છે. કોઇ જ મનુષ્ય ભગવાન શું છે એ સમજાવી શકે નહિ કે ભગવાનનો માનસિક ખ્યાલ ઘડી શકે નહિ. આપણે કહીએ કે ભગવાન સત્ય છે, પ્રેમનો ઝરો છે, પરમ બ્રહ્મ છે અથવા તો આ વિશ્વનો પ્રકાશક છે. પણ આ બધા અમૂર્ત વિચારો છે અને તે ભગવાનનાં દર્શનની ઇચ્છા સંતોષી શકે તેવા નથી. તો પછી જોવા જેવું શું છે? જેઓ ભગવાનને એક હસ્તીરૂપે માને છે, તેઓ એની કલ્પના કરી એવું રૂપ જોઇ શકે, પણ ખરેખર તો મનુષ્યનાં નેત્રોથી ભગવાન કદી જોઇ શકાય નહિ. માણસ આત્મદર્શન કરે પછી જ ભગવાનનો સાક્ષાત્કાર થઇ શકે, અને પછી તો આત્મા જ સર્વ કાંઇ છે.

## 'હું ફક્ત ઈશ્વરનો છું'

એક વાર હું એક સાધુને મળવા ગયો. તે નદીકાંઠે રહેતા હતા. એ દિવસોમાં મારા મનમાં એવો મૂર્ખ ખ્યાલ હતો કે સાચા સાધુ તો હિમાલયમાં જ વસતા હોય. મને થયું : શહેરની આટલી નજીક રહેલી આ નાનકડી નદીના કાંઠે કોઇ સાચો સાધુ વસતો હોય એ શક્ય જ નથી. એમ છતાં એ કઇ રીતે જીવે છે તે મારે જાતે જાણવું હતું.

હજી હું એમનાથી ચાર માઇલ છેટે હતો કે એમણે મારે માટે ખાવાનું મોકલાવ્યું. પણ હું એથી કાંઇ બહુ પ્રભાવિત થયો નહિ. મને થયું : આમાં કાંઇ નથી. કોઇ મને મળવા આવી રહ્યું હોય તો મને પણ કદાચ એવી સ્ફુરણા થાય કે તે રસ્તા પર છે અને હું પણ એના માટે ભોજન તૈયાર કરું. આને કંઇ જ્ઞાન ન કહેવાય.

હું એમને મળ્યો ત્યારે તેમણે કહ્યું : 'તું મોડો પડ્યો છે. કાલે સવારે હું મારું આ શરીર તજી દેવાનો છું.'



મેં કહ્યું : 'તમે વધુ બાર કલાક થોભી જાઓ અને મને કંઇક શીખવતા જાઓ, તો?'

તેમણે કહ્યું : 'ના, મારી પાસે વખત નથી.'

જુદા જુદા ધર્મના તેમના ઘણા ભક્તો હતા. હિન્દુઓ તેમને સ્વામીજી કહેતા. મુસ્લિમો તેમને ઇસ્લામના અનુયાયી ગણતા. ખ્રિસ્તીઓ તેમના મૃત્યુ પછી તેમને પોતાના કબ્રસ્તાનમાં લઇ જવા માગતા હતા. મુસ્લિમો મક્કમ હતા કે તેમને કબ્રસ્તાનમાં જ દફનાવવા અને હિન્દુઓએ તો તેમનો અગ્નિસંસ્કાર કરીને સ્મારક બાંધવાની યોજના પણ કરી હતી.

બીજે દિવસે તેમણે શરીર તજી દીધું. એક ડૉક્ટર આવ્યા અને તેમને મરણ પામેલા જાહેર કર્યા. પછીના થોડા કલાક ઠીક ઠીક ધાંધલ મચી ગઇ. દરેક ધર્મના લોકો અને આગેવાનો તેમના શરીર માટે લડવા લાગ્યા. આમાં દરેક જૂથની પ્રતિષ્ઠા-નો પણ સવાલ હતો. જિલ્લા મૅજિસ્ટ્રેટ પણ આવ્યો. તેણે મને પૂછ્યું : 'તમે તેની સાથે રહેતા હતા એટલે તમને કદાચ ખબર હશે, એ ખરેખર કોણ હતા. તમે અમને આ ઝઘડાનો નિકાલ લાવવામાં મદદ કરી શકો.'

મેં કહ્યું : 'હું તો એમના વિશે કશું જ જાણતો નથી.' પછી મને થયું : આ તે વળી કઇ જાતના સાધુ? પોતે મરી ગયા અને મારા માટે ને બીજાઓ માટે મુસીબત ઊભી કરતા ગયા; અને મને શીખવ્યું તો કાંઇ નહિ! પછી મેં મનોમન કહ્યું : 'એ જો ખરેખર મહાન સાધુ હોય તો તેમણે આવો ગૂંચવાડો ઊભો કરવો જોઇતો નહોતો.'

એ મૃત્યુ પછીનો ચોથો કલાક હતો. અચાનક તે ઊભા થયા અને બોલ્યા : 'જુઓ, તમે લોકો લડો છો એટલે મૃત્યુ ન

પામવાનું મેં નક્કી કર્યું છે.' મૅજિસ્ટ્રેટ અને બધા લોકો દિંગ થઈને તેમને જોઈ રહ્યા. સાધુએ કહ્યું : 'મારી નજર સામેથી હટી જાઓ, તમે બધા હિંદુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ, તમે મૂર્ખ લોકો છો. હું ફક્ત ઈશ્વરનો છું, બીજા કોઈનો નહિ.' પછી તેમણે મારા ભણી જોયું ને કહ્યું : 'વત્સ, ચિંતા કરીશ મા. હવે હું તારી સાથે રહીશ અને ત્રણ દિવસ સુધી તને શીખવીશ. પછી ચોથા દિવસે હું શાંતપણે આ દેહ તજી દઈશ.'

હું તેમની સાથે ત્રણ દિવસ રહ્યો. તેમની સાથે મારું રહેવાનું ખૂબ જ્ઞાનદાયક બન્યું. મારા જીવનનો એ એક ઉત્તમ કાળ હતો. તેમણે મને ઘણી બાબતો શીખવી. રોજ ઘણી વાર તે આ એકનું એક વાક્ય ઉચ્ચારતા કે તું જે ન હોય તે દેખાડવાનો ડોળ કરીશ નહિ. આ વાત તેમણે ફરી ફરી કહ્યા કરી.

ત્રણ દિવસ પછી તેમણે કહ્યું : 'મારે પાણીમાં જવું છે.' પછી તે ચાલીને નદીમાં પ્રવેશ્યા અને અદૃશ્ય થઈ ગયા. લોકો તેમને શોધવા આવ્યા ત્યારે મેં કહ્યું કે તે નદીમાં પ્રવેશ્યા હતા અને પછી બહાર આવ્યા નહોતા.

મહાન સાધુઓ પોતાને કોઈ એક ધર્મ કે સંપ્રદાય સાથે ગૂંથી લેતા નથી. તેઓ આવા બધા ભેદભાવથી પર હોય છે. તેઓ આખી માનવજાતના હોય છે.



# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા— સીડનીથી હવાઈન હોનોલુલુ, દિવસ–૧૮, તા. ૨૫–૫–૦૫**

સતત પરિશ્રમ ને સતત પ્રકૃતિની ગોદમાં વિચરણ કહો કે પ્રકૃતિનું દર્શન.

પ્રકૃતિના દર્શન માટેની સાધના કે તપ જે ગણો તે ત્રણ દિવસથી શિસ્તબદ્ધ રીતે ચાલી રહ્યું છે.

સવારે ૪ વાગે તો બસ પ્રસ્થાન કરે છે અને એટલે મોડામાં મોડું ત્રણ વાગે પથારીનો પરિત્યાગ થઈ જાય. અરે, કાયમ જ પથારીનો પરિત્યાગ થઈ જાય તો કેવી શાંતિ! જીવનનો અર્ધો સમય રક્ષાયેલો રહે ને તે સમય સાધનામાં વીતે. પરંતુ એ શક્ય નથી. માનવ દેહ ધારે છે, પરિશ્રમ કરે છે ને ખોરાક પણ લે છે, તો આહાર ને ઊંઘ બન્ને મિત્ર બનીને માનવની આસપાસ જ રહે છે.

પ્રકૃતિ દર્શન માટે લગભગ દરરોજ ઓછામાં ઓછું ૨ કલાક તો ચાલવાનું બને જ છે.

આજે પણ ૩–૪૫ **'મા'** ઓરડો છોડી દે છે. હાથમાં ઓસ્ટ્રેલિયાની સ્મૃતિની—ભારતના ધ્વજનું સ્મરણ કરાવતી થેલી જેમાં ૧ સ્વેટર, ૨ ટોપી, ૨ નેપકીન, પેન, ડાયરી વગેરે હતું ને બીજા હાથમાં બેઠકની ગાદી બન્ને લઈને **'મા'** લીફ્ટ પાસે પહોંચે છે ત્યાં સુધી એક પણ યાત્રી લોબીમાં ના મળ્યા.

લીફ્ટનું બટન દબાવ્યું તો તે હાજર થઈ. ત્યાં જ શ્રી સુરેશભાઈ જ લીફ્ટમાં જવા આવે છે. **'મા'** એમની સાથે નીચે જાય છે.

**'મા'** ૧૫ મિનિટ મોટલની બહાર ખુલ્લામાં સરસ ખૂશ્નુમા વાતાવરણમાં મંત્રજપ કરતાં કરતાં આંટા મારે છે. ત્યાં સુધીમાં સૌ મોટલના પ્રવેશદ્વારે આવી ગયા છે.

બસ સમયસર હતી. આ પણ એક વિશેષતા છે. નિયમિત જે સમય આપ્યો હોય તે જ સમયે બસ પોતાના ડ્રાઇવર સાથે હાજર થઇ જ જાય. આ આખી યાત્રામાં એ પણ એક નોંધ કરવા જેવી છે.

ચાર વાગ્યે બસ આવી ગઇ. શ્રી હાના આજે બસ ચલાવે છે અને સાથે શ્રી લીયો પણ આવે છે. શ્રી **લીયો** જ બસમાંથી ઉતરે છે.

અ...લોહા...ગુડ મોરનીંગ કહીને તે સૌને મળે છે. આજે તે શા માટે આવ્યા એની સૌને જાણ ન હતી. આજે એના હાથમાં હવાઈમાં જે વૃક્ષો ઉપર ફળો થાય તેના મણકાની માળા હતી.

સૌને મળીને પહેલું વાગ્ય શ્રી લીયો કહે છે—હું આ માળા **'મા'** માટે લાવ્યો છું. આ માળાના પથ્થર અહીંના કુકુઇ વૃક્ષનાં ફળો છે. એ માળા હું મારા અંતરના પ્રેમથી લાવ્યો છું. સૌ કહે છે **'મા'** આવે જ છે. શ્રી લીયો કહે તમે આ માળો **'મા'**ને અર્પણ કરો. સૌ કહે છે તમે જ પોતે **'મા'**ને આપો.

**'મા'** બસ પાસે પહોંચે છે. શ્રી લીયો **'મા'**ને માળા અર્પણ કરે છે. **'મા'** તેનો સ્વીકાર કરે છે.

પછી સૌ બસમાં બેઠા છે. સ્વર્ગારોહણની પ્રભાતની બધી જ પ્રાર્થના અહીં સમૂહમાં શરૂ થાય છે. શ્રી લીયો હાથ જોડીને આંખ મીંચીને બેઠા છે. એને કોઇએ કહ્યું કે અમે સવારની પ્રાર્થના હવે ગાઈશું.



પ્રાર્થના ભલે ગમે તે ભાષાની હોય, ગમે તે ગુરુની હોય, ગમે તે સ્થળે ગવાતી હોય, પણ હાથ જોડીને આંખ બંધ કરવી એ પ્રાર્થનાનો શિષ્ટાચાર કે નિયમ કે શિસ્ત શ્રી લીયોએ અહીં પાળી બતાવી છે. પોતે કેથલીક ધર્મ પાળે છે. પ્રાર્થનાનો મહિમા તે જાણે છે. તો જ ભાવભક્તિથી એ હાથ જોડી આંખ બંધ કરી પ્રાર્થનામાં ભાગ લે છે.

શું લીયો આજે માત્ર હાર અર્પણ કરવા જ આવ્યા હશે? શા માટે એને ઇચ્છા જાગી હશે? સવારે ઊંઘ બગાડીને આવવાના પરિશ્રમ પાછળ કેવો અંતરનો પ્રેમ હશે!

શ્રી લીયો માળા અર્પણ કરતા પોતાનો ભાવ વ્યક્ત કરવા પ્રેમથી **'મા'**ને કહે છે. ''આ માળા અમે પવિત્ર માનીએ છીએ. આ ફળમાં તેલ ખૂબ હોય છે. પહેલાંના જમાનામાં આને સળગાવીને પ્રકાશ કરતા. આ માળા પોતાનું હૃદય અર્પણ કરે છે. એવા ભાવ માટે જ વપરાય છે.'' (આજે શ્રી ભગવાનજી પોતાનો પાસપોર્ટ રૂમમાં ભૂલી ગયા છે તો શ્રી લીયો અર્ધે રસ્તેથી બસમાંથી ઉતરીને એક ગેસ સ્ટેશન ઉપરથી બીજી નાની ગાડી લઈને પાછા મોટલ પર જાય છે ને પાસપોર્ટ સાથે શ્રી ભગવાનજીને એરપોર્ટ ઉપર પાછા પહોંચાડે છે.

શ્રી લીયો આજે એ રીતે અચાનક શ્રી ભગવાનજીને મદદરૂપ પણ થયા.)

કોને, ક્યારે, કેવી રીતે, શા માટે શ્રી હરિ લાવે ને પોતાનું ધારેલું કામ કરાવે છે. તેનું દર્શન વારંવાર આ યાત્રામાં થયું છે.

શ્રી લીયો **'મા'**ને માળા અર્પણ કરતાં જે શબ્દો બોલે છે તે ફરી મનન કરવા જેવા છે.

આ માળા સાથે મારું હૃદય અર્પણ કરું છું. અંતરના

પ્રેમથી હું અર્પણ કરું છું. (હવાઈન પ્રજામાં આ માળા પવિત્ર ગણાય છે. જે કોઈ જેને આ માળા અર્પણ કરે તેને જીવન સમર્પિત કરે છે એવો અર્થ થાય છે.)

અહીં શ્રી લીયો એક ભક્તની, એક સાધકની ભૂમિકા ઉપરથી જાણે શરણાગત બનીને પોતાનો અલૌકિક પરિચય આપી રહ્યો છે. શ્રી લીયોનું અંતર દર્પણ તો ભગવાન ઈશુનું—મેરીનું પ્રતિબિંબ ઝીલતું હતું. આજે એ દર્પણમાં **'મા'**નું પ્રતિબિંબ પણ ઉપસતું સૌ ભક્તો જોઈ શક્યા, માણી શક્યા.

શ્રી લીયોનું બીજું પણ એક વાક્ય સૂચક છે. માળા અર્પણ કરીને કહ્યું,

આ પ્રકાશનું પ્રતીક છે.

આ શબ્દો પાછળ શ્રી લીયોને પ્રકાશ પ્રાપ્ત થયો છે કે પ્રકાશ પ્રાપ્ત કરવા આ માળા આપું છું. બે અર્થ છે જો કે શરણાગતને પ્રતીતિની કે પ્રતીકની ક્યાંયે આવશ્યકતા નથી. હું શરણાગત છું કહીને શરણાગત સ્વીકારતો નથી. શરણ સહજ સ્વીકારે. શરણાગત સહજ રીતે થઈ જવાય.

અહીં કદાચ પ્રકાશ પ્રાપ્ત થયો છે તો જ શ્રી લીયો આ માળા અર્પણ કરે છે. પ્રકાશ હજી વિશેષ પ્રાપ્ત કરવો હોય તો આ માળા એ પ્રાર્થનાનું સૂચક છે.

જેટલા અર્થ કાઢવા હોય તેટલા થઈ શકે. પણ મહત્ત્વની વાત શ્રી લીયોએ માળા અર્પણ કરી અને જે કંઈ શબ્દ બોલાયા તે સૂચક હતા.

એરપોર્ટ તો આવી ગયું. સતત ત્રણ દિવસથી દરરોજ સવારે પ્લેનની યાત્રા. જાણે સૌ યાત્રીઓ રાજા મહારાજાના પરિવારના હોય તેવું લાગે છે? ના રે ના. જેણે જેણે હવાઈનના



જુદા જુદા ટાપુ જોવા હોય તેણે તેણે આ પ્લેનના માધ્યમથી તે ટાપુઓ ઉપર જવું પડે છે. કદાચ સ્ટીમર/ફેરી/બોટ જતી હશે પણ મોટે ભાગે સૌ પ્લેનથી જ ફરી લે છે. માત્ર ૨૫, ૩૦ મિનિટમાં જ બીજા ટાપુ ઉપર પહોંચી જવાય છે.

પ્રાર્થના પૂર્ણ થઈને એરપોર્ટ આવી ગયું. પ્લેનમાં બેઠા ને બીજા ટાપુ ઉપર આજે ૪૫ મિનિટમાં પહોંચી પણ ગયા. સંરક્ષણની સતત કૃપા શ્રી હરિ વરસાવ્યા કરે છે.

બીગ આઈલેન્ડ શહેરનું નામ છે. આજના ટાપુનું નામ છે **HILO—હીલો.** આ ટાપુ સૌથી મોટો છે. અહીં જ્વાળામુખીનું સ્થાન છે. અહીં સૌથી વધુ વરસાદ પડે છે. સવારે ને સાંજે લગભગ નિયમિત વરસાદ પડે છે.

વરસાદથી અનુમાન કરે કે આજનો દિવસ કેવો જશે.

આજે જેવા બસમાં બેસતા હતા ત્યાં જ વરસાદ સરસ ઠંડક ધરતો ગયો.

માર્ગમાં જ એક ઓપન મારકેટ જોઈ. ઉપર છત ને ચારે બાજુ ખુલ્લું. સૌ પોતપોતાના તાજા શાકભાજી અને ફળો ગોઠવીને વેચે.

તરત જ આજની ગાડીના ચાલક શ્રી રે ને શ્રી હાનાએ કહ્યું. આ સૌ ન્યુઝીલેન્ડ—ઓસ્ટ્રેલિયા ફરીને અહીં આવ્યા છે. એમને કેરી ખૂબ ગમે છે. તો બસ ઊભી રાખ.

તરત જ બસ ઊભી રહે છે. બે ભાઈઓ ફળો લેવા ઉતરે છે. વરસાદ બંધ થતાં **'મા'** પણ ઉતરે છે.

અહીં બધાં જ ફળો મળે છે. કેરી, જામફળ, લીચી, શાકભાજી પણ ભારતમાં જે થાય છે તે બધાં જ મળે છે.

યાત્રીઓ માટે અને **'મા'** માટે પણ થોડાં ફળો લીધાં. લીચી, પપૈયું વગેરે.

અહીં દરિયાઇ ધરતીકંપ બે વાર થયો છે. જેમાં શહેરનો ભાગ જેને વિનાશની ભારે અસર હતી તે પણ જોવા મળે છે.

નેશનલ પાર્કમાં ધરતીમાંથી ઠેર ઠેર વરાળ નીકળતી હતી. ધરતીમાં અંદર જ્યાં જ્યાં લાવારસ વહે છે ત્યાં ત્યાં વરસાદનું પાણી પહોંચતા પાણી ગરમ થઈને માત્ર વરાળ જ બહાર આવે છે.

એવાં બે સ્થાન જોયાં. ધુમાડો કે ધુમ્મસ હોય એવી સતત વરાળ નીકળતી હતી. સૌએ એ વરાળને છેક પાસે જઇને અનુભવી. એની આસપાસની ધરતી, પથ્થરો, ઘાસ બધું જ ગરમ લાગતું હતું. **'મા'**એ પણ તે હાથથી અનુભવ્યું.

અહીં એક સંગ્રહસ્થાન પણ જોયું. જેમાં જ્વાળામુખી ફાટતાં લાવારસ બહાર ઊડે. તે ઠરીને કેવો પથ્થર થઇ જાય, તેના જુદા જુદા આકાર જોવા મળે છે. એમાંથી મોટા મોટા પથ્થરો પણ ઊડે છે. લાવારસ ઠરીને કાળો બનીને પથરાઇ જાય છે. વિશાળ જમીન ઉપર જ્વાળામુખીનો પ્રભાવ જોવા મળે છે. જ્વાળા-મુખીનો લાવારસ જ્યાં જ્યાં પડે ત્યાં ત્યાં જમીન વધતી જાય છે. એટલે કે ટાપુનો વિસ્તાર વધતો જાય છે. કાળી નાની નાની ટેકરી જેવું લાગે. લાવારસ સૂકાઇને ચોંટી જતાં, પાણીનો ભાગ ઓછો થાય.

વળી સંગ્રહસ્થાનમાં ફિલ્મ પણ જોઇ. જેમાં જ્વાળામુખી કેવી રીતે ક્યારે ફાટેલો તેની વાતો હતી.

આજે કાલી રેતીનો દરિયાકિનારો પણ જોયો. જ્યાં ખાસ કોઇ નહતું. સૌ ભોજન (સાથે લાવેલા તે ભાથુ) લેવા બેઠા ને



**'મા'** લેખન માટે બેઠાં. કારણ **'મા'**ને નિર્જળા હતો. સાથે બે નિર્જળા થયા છે.

નિર્જળા વ્રત એક સાથે બે દિવસ થયા. પરિશ્રમ તો એટલો જ છે. મંત્રજપનો પણ એ જ ક્રમ છે. છતાં સ્ફૂર્તિ પણ એ જ છે. શક્તિ એ જ છે. કોણ ભરે છે? આ મા સર્વેશ્વરીમાં કોણ જીવી રહ્યું છે! પોતાનું ઘર માનીને કોણ એને ચલાવી રહ્યું છે!

નથી પાણીની તરસ લાગતી કે નથી કંઇ ફળ ખાવાની ઇચ્છા કે નથી વિશેષ આરામની ઇચ્છા. કે નથી કશે જવું એમ વિચારી છટકવાની ઇચ્છા.

સતત સૌની સાથે સવારે ૪ થી રાત્રે ૮ એકધારા ૧૬ કલાક ઉઘાડી આંખે આ **'મા'**ના જીવનને જોઇ શકાય છે. ક્યાંયે પાછા પડતાં નથી. સૌની સાથે જ. ક્યાંયે અલગ પણ પડતાં નથી.

યાત્રાનો આ જ તો લાભ છે કે શ્રી હરિની શક્તિ મા સર્વેશ્વરીમાં શી રીતે પ્રગટ થઇ વિચરી રહી છે તે પોતાની જ આંખે જોવાનો સતત લાભ.

એવું ઉઘાડા પુસ્તક જેવું જીવન જોઇ જોઇને તો શ્રી હરિની શક્તિમાં વિશ્વાસ વધે, શ્રદ્ધા વધે.

**'મા'**ને પણ પોતાને માટે જ આશ્ચર્ય છે કે આ **'મા'** કેવી અલૌકિક રીતે જીવે છે.

કલાકો સુધી પાણી પણ નહીં તો ફળ, દૂધ કે સૂકા મેવાની તો વાત જ ક્યાં છે?

**'મા'**નું અલૌકિક જીવન જોતાં જોતાં **'મા'** સતત, સહજ રીતે શ્રી હરિને ચરણે મસ્તક નમાવી પ્રણામ કરે છે. પ્રણામ– પ્રભુ પ્રણામ. આપની દિવ્ય શક્તિને પ્રણામ.

**'મા'** શાંતિથી થોડું લેખન કરે છે. પછી ત્યાંથી ખારી હવાની ગંધ સહન ના થઇ માટે બસમાં બેસીને થોડું લખે છે.

ચાર વાગી ગયા હતા. હવે એરપોર્ટ ઉપર પાછા વળવાનું બને છે. માર્ગમાં ફરી પાછા યાત્રીઓ—ફળોની પેલી મારકેટમાં ઉતરે છે. કેરી—અમૃત ફળ અહીં મળે છે. તો કેરીની મોજ માણી લો. એ રીતે યાત્રામાં આજે કેરીની ઉજાણી સૌ માણે છે.

એરપોર્ટ આવીને પણ થોડું લેખન થાય છે. આજે ૩૩૪ માળા થઇ ગઇ છે. આજનું લેખન પણ શરૂ થઇ જાય છે. પ્લેન સમયસર હતું. ૪૫ મિનિટમાં તો પાછા હોનોલુલુના એરપોર્ટ ઉપર આવી ગયાં. બસ સમયસર આવી. મોટલમાં સમયસર આવી ગયાં.

૧૯ દિવસની યાત્રા આજે પૂર્ણાહુતિના પંથ પર ચાલી રહી છે. આજે અંતિમ દિવસ હતો.

હે હરિ, તેં સર્જેલી આ સૃષ્ટિને માણવાનું ને તને જ સ્મરવાનું એક અલૌકિક ટાણું **'મા'**ને ૧૯ દિવસ મળી ગયું.

પ્રકૃતિનાં અલૌકિક દૃશ્યો ને સમંદરની કિનારાની જળ-રાશિની વહેતી લહરને જોતાં જોતાં તો સ્થળ, કાળ પણ વિસ્મૃત થઇ જાય છે. કયો વાર, કયી તારીખ, કયો દેશ ને કયું રાજ્ય, કયું શહેર ને ક્યાં ઊભા છે! કોણ ઊભા છે બધું જ વિસ્મૃત. જાણે પ્રકૃતિ દર્શનથી સહજ સમાધિ.

પર્વતો ને ખીણો, વૃક્ષો ને પુષ્પો, ફળો ને જંગલો, નદી ને ઝરણાં, સમંદર ને વનસ્પતિ, સઘળું સર્વત્ર માણવાનું. ૧૯ દિવસ સુધી બસ એ જ કાર્ય હતું.

યાત્રીઓ સંપ ને સ્નેહ, શિસ્ત ને શિષ્ટાચાર શ્રદ્ધા ને ભક્તિ, વિવેક ને વર્તનમાં સર્વ ક્ષેત્રે સર્વ પ્રકારે સૌએ સરસ



અભિનય ભજવ્યો. યાત્રીઓ એક જ માળાના મણકા બની ગયા હતા. સૌ જાણે આજ્ઞાધીન હતા. સૌના મુખ ઉપર સ્મિત ટકી રહ્યું. ભારે પરિશ્રમ દરરોજ છતાં સૌની સ્ફૂર્તિ અકબંધ રહી. આરોગ્ય સૌનું સરસ રહ્યું.

હે હરિ, આપની જ એ શક્તિ, સ્ફૂર્તિ હતી. આપની જ એ ઇચ્છા હશે તો આપે જ આ યાત્રાની સર્વ યોજના ઘડી ને પાર ઉતારી.

કેટકેટલીવાર કેટકેટલાં પ્લેનો બદલ્યાં. તેમાં બેઠા, તેમાં ઉડ્યા, પાછા ઉતર્યા, ચઢ્યા, ચાલ્યા, ફર્યા, દોડ્યા. સૌ સાથે જ રહ્યા. એ રીતે શ્રી હરિ આપ પણ જાણે ૧૭ યાત્રીઓ સાથે ૧૭ રૂપ ધારીને દરેક યાત્રીને વિશેષ રીતે સંભાળ્યા. સંરક્ષણ ધર્યું, કેવી કૃપા વરસાવી! હે હરિ આપે દરેકને માટે પરિશ્રમ ઉઠાવ્યો તો જ સૌ આ રીતે ૧૯ દિવસ સુખરૂપ ફરી શક્યા. યાત્રા માણી શક્યા. સૌને જાણે સંસાર ભૂલાવી દીધો ને પ્રકૃતિમાં રમતા કરી દીધા. નિત્ય પ્રાર્થનામાં પણ જોડી દીધા.

સૌને માટે હે હરિ આપ મથ્યા, સેવામાં દોડ્યા, સૌની આગળ પાછળ ચાલ્યા, સૌના શરીરમાં વિવિધ સ્થળના પાણી ને ખોરાકને પચાવ્યા. સૌના મનમાં આપ વસ્યા.

આપે શું નથી કર્યું? બનતું બધું જ બધાને માટે કરીને આપ સાચા સ્વજન બની ગયા.

૧૯ દિવસની સતત પરિશ્રમ ભરેલી યાત્રા—પ્રસન્ન અંતરે માણી શક્યા. યાત્રા સફળ રહી એ વાત જ યાદ રહે તો તો દરેક યાત્રી સાચો શ્રદ્ધાળુ ભક્ત બની જાય.

બસ ૧૯ દિવસ જેમ ભગવાન ભરોંસે છોડ્યું એ રીતે જીવન સોંપી દો. એ સત્ય સમજાઇ ગયું તો તો જીવન તરી જવાશે.

૧૯ દિવસ ક્યાં જવાનું? ક્યારે જવાનું? ક્યાં રહેવાનું? ક્યાં ફરવાનું? શું જમવાનું? કયા પ્લેનમાં કયા ગેટ ઉપર કયા સમયે જવાનું? શા માટે જવાનું? કોણ ફેરવશે?

આ બધી જ ચિંતા શ્રી હરિએ કરી. યાત્રીઓને તો હળવા જ રાખ્યા. ને રાજકુમારોની જેમ ફેરવ્યા, રમાડ્યા, જમાડ્યા, સુવાડ્યા.

તો હે યાત્રી! એને સોંપો તો એ સઘળું સંભાળે જ છે. તેનો અનુભવ પૂરા ૧૯ દિવસ કરી લીધો.

**એ સંભાળે છે. એ સંભાળશે.** બસ આ બે મંત્રની જાણે સૌને દીક્ષા. શ્રી હરિએ યાત્રા ગોઠવી ને ધરી દીધી છે.

(અપૂર્ણ)

સાધનામાં સૌથી સુંદર સાધન પ્રેમ છે. આ પ્રેમનો પ્રાદુર્ભાવ એકવાર તીવ્રતાપૂર્વક હૃદયમાં થઇ જાય તો પછી પરમાત્મા વધુ વખત દૂર રહી શકતા નથી.

**—યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# તત્ત્વજ્ઞાન ને આધ્યાત્મિક વિચારોની આપ લે જરૂરી

**સ્વામી રામ**

હું માનું છું કે યોગ એ જીવનનું સંપૂર્ણ વિજ્ઞાન છે, અને તે સર્વ પુરુષો—સ્ત્રીઓ—બાળકો માટે સમાનપણે ઉપયોગી છે. ધર્મ એ સામાજિક વિજ્ઞાન છે, જે પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખવામાં સહાય કરે છે અને માનવ—સમાજની સુગ્રથિતતાને આધાર આપે છે. યોગ આત્મવિકાસ અને જ્ઞાન માટેનું વિશ્વ-વિજ્ઞાન છે. કોઇ પણ ધર્મમાં આત્મવિકાસની જે કોઇ પદ્ધતિ દર્શાવી હોય, તે બધી જ યોગના સાહિત્યમાં મોજૂદ છે.

આ કૉન્ફરન્સ વખતે મને જણાયું કે દુનિયાના જુદા જુદા ભાગમાંથી આધ્યાત્મિક અને ધાર્મિક નેતાઓ આવીને એક ઠેકાણે મળે, ચર્ચાઓ કરે, પોતપોતાના વિચારો અને તત્ત્વ-જ્ઞાનની આપલે કરે તે જરૂરી છે. હું અતિ દૃઢપણે માનું છું કે બધા મહાન ધર્મો એક અને સમાન છે, એમના માર્ગ ભલે જુદા લાગે. જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો જુદાં જુદાં છે, પણ સાધ્ય તો એક જ છે. આધ્યાત્મિક નેતાઓ મળીને આ પ્રકારની ચર્ચા-વિચારણા કરે તો તેઓ તેમના સાંપ્રદાયિક અનુયાયીઓને પણ વિવિધ સંપ્રદાયો—ધર્મો સમજાવવામાં સહાયભૂત થઇ શકે. જે કોઇ વ્યક્તિ એમ કહે કે એનો પોતાનો ધર્મ જ એકમાત્ર સાચો ધર્મ છે, તે વ્યક્તિ અજ્ઞાની છે. પૂર્વગ્રહ વિષ છે અને તે માનવવૃદ્ધિને હણે છે. પ્રેમ જ બધા મહાન ધર્મોનો પાયો છે.

# ભગવતી તપશ્ચર્યાદેવી

ભાણદેવજી

**ऋतं च सत्यं चाभीद्धात्तपसोध्यजायत ।**

"તેજસ્વી તપથી જન્મ્યાં ઋત ને સત્ય આ જગે"

ગંગોત્રી અનેકવાર જવાનું બન્યું છે. ગોમુખમાં સ્નાન પણ કર્યું છે. ગંગોત્રી અને ગોમુખ જવાનું બને, ત્યારે પ્રત્યેક વખતે અમને સાંભળવા મળે છે—ગોમુખથીયે આગળ વધુ ઊંચાઇ પર 'તપોવન' નામનું એક સ્થાન છે. ત્યાં એક મોટું મેદાન છે, પાર વિનાની ગુફાઓ છે, હિમનદીઓ છે, અનેક ઉન્નત હિમ-શિખરોનાં દર્શન થાય છે; દિવસે અગણિત જળપ્રવાહોનો કલકલ નિનાદ છે; અને રાત્રે છે—ગહન, નીરવ, નિર્ભેદ્ય શાંતિ! અને આ બધાની વચ્ચે તેમના જેવા જ એક તપસ્વિની સાધ્વી રહે છે—સાધ્વી સુભદ્રામૈયા!

આ વખતની અમારી હિમાલયની યાત્રા દીર્ઘકાલીન યાત્રા હતી અમને પાછા ફરવાની ઊતાવળ ન હતી. આમેય હિમાલયમાં શું ખૂટે છે કે પાછા ફરવાની ઊતાવળ હોય? આ વખતે તપોવન અને શક્ય હોય તો તપોવનથી પણ આગળ નંદનવન જવું—તેમ અમે નક્કી કર્યું છે.

ગોમુખ પહોંચતાં પહેલાં ભોજબાસામાં લાલ બિહારીદાસ બાબાના આશ્રમમાં અમે બપોરનું ભોજન લીધું. બાબા પાસે તપોવન જવા માટે માર્ગદર્શન માગ્યું. તેમની હંમેશાની પદ્ધતિ પ્રમાણે તેમણે કહ્યું, "અરે! જાઇએ, જાઇએ. તપોવન કોઇ જ્યાદા દૂર નહીં હૈ. ગોમુખસે કોઇ લડકા ગાઇડ કરકે લે લેના. તપોવનમેં એક માતાજી રહેતી હૈ. ઉનકે સાથ ઠહરના."



બાબાએ ટૂંકમાં બધું કહી દીધું. અમે બે મિત્રો બાબાને નમસ્કાર કરી નીકળ્યા. ગોમુખનાં દર્શન કરી, ગંગાસ્નાન કરી અમે તપોવન જવા તૈયાર થયા. સદ્‌ભાગ્યે ભોમિયો પણ મળી ગયો. લગભગ છએક કલાકની કઠિન અને જોખમી ચઢાઇ પછી અમે તપોવનમાં પહોંચ્યા. ચારેબાજુ શુભ્રધવલરંગી હિમશિખરો જોઇને મન પ્રસન્ન થઇ ગયું, હૃદય ભરાઇ ગયું.

અમારો ભોમિયો અમને સુભદ્રામૈયાની ગુફા પાસે દોરી ગયો. ગુફાનું દ્વાર જમીનથી પાંચેક ફૂટ ઊંચું છે. જમીનની સપાટીએ જે દ્વાર હોય તેવી ગુફામાં અહીં રહી શકાય નહિ. શિયાળામાં અહીં બરફ પડે, એટલે દ્વાર ઊંચું ન હોય તો દ્વાર બરફથી બંધ થઇ જાય. આવી ગુફામાં અહીં શિયાળા દરમિ-યાન રહી શકાય નહિ. કહેવાય છે કે તપોવન વિસ્તારમાં પચાસેક જેટલી ગુફાઓ છે, સુભદ્રામૈયાએ આ ઊંચી સપાટીએ દ્વારવાળી ગુફા પસંદ કરી છે. કારણ કે તેઓ બારેમાસ, શિયાળામાં પણ અહીં રહે છે.

અમે ગુફાના દ્વાર પાસે ઊભા રહ્યા. બૂમો પાડીને તેમને ખલેલ પહોંચાડવાનું અમને ઠીક ન લાગ્યું. સંભવ છે કે તેઓ અત્યારે સાધનામાં બેઠાં હોય. ગુફાને પથ્થરનાં પગથિયાં છે. અમે પગથિયાં પર બેઠા. અંધારું થવા આવ્યું છે. ચારે બાજુ ગહન શાંતિ પથરાયેલી છે. પક્ષીઓનો કલરવ પણ નથી અને ઝરણાંઓનો કલકલ નિનાદ પણ નથી. સ્વચ્છ નિરભ્ર આકાશ-માં તેજસ્વી તારલાઓ ચમકે છે, પણ અવાજ કરતા નથી. અમે વિચારીએ છીએ સુભદ્રામૈયા અંદર હશે કે ક્યાંય બહાર ગયાં હશે? અહીં બહાર ક્યાં જાય? અમે ભોમિયાને પૂછીને ખાતરી કરી લીધી કે તેમનું નિવાસ સ્થાન તો આ ગુફા જ છે.

શું કરવું તેની વિમાસણમાં થોડી મિનિટો પસાર થઇ. અમે જોયું કે જમણીબાજુના પહાડ તરફથી અંધારામાં એક આકૃતિ અમારા તરફ આવી રહી છે. મસ્તક પર આખી ખોલીની કાનટોપી પહેરેલી છે અને આખા શરીરને ઢાંકતું એક જ વસ્ત્ર, ગરમ ધાબળાની એક અળફી પહેરેલી છે. અમારો ભોમિયો બોલી ઊઠ્યો, ''સુભદ્રામૈયા આ રહી હૈ'' અમે ઊભા થઇ ગયા. મૈયા પાસે આવી ગયાં. ચહેરા સિવાયનો શરીરનો કોઇ ભાગ દેખાતો નથી. અંધારામાં કળાયું ચહેરો શ્યામરંગી છે. અમે બંને હાથ જોડી કહ્યું—

''ઓમ્ નમો નારાયણાય''

તેમણે હાથ ઊંચો કરી પ્રત્યુત્તર વાળ્યો,

''નારાયણ''

સુભદ્રામૈયા સમજી ગયાં હશે કે અમે યાત્રીઓ છીએ, અને અહીં રાત્રિનિવાસ કરવા ઇચ્છીએ છીએ. તેમ સમજીને જ તેમણે પૂછ્યું, ''યાત્રી હો? યહાં રુકોગે?'' અમે બંને પ્રશ્નોનો ઉત્તર હકારમાં આપ્યો. એટલે તેમણે કહ્યું, ''થોડા રુકિયે, મૈં અભી બુલાતી હૂં.'' તેઓ અંદર ગયાં. અમારા ભોમિયાએ કહ્યું કે માતાજી આપણાં માટે ગુફા વ્યવસ્થિત કરશે પછી બોલાવશે. એમ જ બન્યું. થોડીવારમાં માતાજી ગુફામાંથી બહાર આવીને દ્વાર પાસેથી જ બોલ્યાં, ''આઇયે'' અમે માતાજીને અનુસર્યા. એક બાકોરા જેવા નાના દ્વારમાંથી ગુફામાં પ્રવેશવાનું છે. ઢીંચણભર થઇને માંડમાંડ પ્રવેશ્યા. થોડા આગળ વધ્યા એટલે રસ્તો ઊંચો પહોળો બન્યો. અમે સરળતાથી ચાલી શક્યા. બહારથી એક જ દ્વાર દેખાય છે, પરંતુ અંદર જતાં ખ્યાલ આવે છે કે ગુફાઓ બે છે. રસ્તો બે ભાગમાં વહેંચાય છે એક ગુફામાં



માતાજીનું નિવાસ સ્થાન, નાનું કૃષ્ણમંદિર અને રસોડું છે. બીજી ગુફામાં માતાજીની અતિથિશાળા છે. માતાજીએ અમને તેમાં ઉતારો આપ્યો. આખી ગુફામાં ઝીણું મુલાયમ ઘાસ પાથરેલું છે. ઘાસ પર ઊનના ધાબળા પાથર્યા છે. આ થઇ અમારી પથારી.

માતાજીએ અમારી ગુફામાં આવીને અમને પૂછ્યું, ''ભોજન પાઓગે ન? ખીચડી ચલેગી? આલૂ ડાલકે ખીચડી બના દેતી હૂં'' અમે સંમતિ આપી એટલે માતાજીએ રસોઇ બનાવવાનો પ્રારંભ કર્યો. અમને થયું—અમે માતાજીના કાર્યમાં કાંઇક મદદ કરીએ તો સારું. અમે માતાજીને પૂછ્યું,

''માતાજી, હમ આપકી કુછ સહાયતા કર સકતે હૈ?''

માતાજીએ કહ્યું,

''હાં, અગર આપ મેં સે કોઇ કૃષ્ણભક્તિ કે પદ ગા સકેં તો યહી સબસે બડી સહાયતા હોગી''

મેં કૃષ્ણભક્તિનાં પદો ગાવાનો પ્રારંભ કર્યો. વચ્ચે વચ્ચે માતાજી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરે છે. મેં પાંચેક પદો ગાયાં. રસોઇ તૈયાર થઇ ગઇ. માતાજી બંને હાથમાં પીરસેલી થાળી લઇને આવ્યાં. ગરમ ગરમ ખીચડી, વચ્ચે વચ્ચે બટાટાના ટૂકડા અને ઉપર ઘીનો લોંદો! અમે ભોજન કરીને પથારીમાં ઢબૂરાઇ ગયા.

આ સુભદ્રામૈયા કોણ છે? અહીં કેવી રીતે અને ક્યારે આવ્યાં છે? શા માટે આવ્યાં છે? અહીં શું કરે છે? સંતોને તેમના પૂર્વજીવન વિશે કશું પૂછાય નહિ, અને સાધન કે અનુભૂતિ વિશે પણ કશું પૂછાય નહિ—આવી અધ્યાત્મપથની શિસ્ત છે. ગંગોત્રીમાં રહેતા કેટલાક સંતો પાસેથી સુભદ્રા-

મૈયાના જીવન વિશે અને જીવનપદ્ધતિ વિશે થોડી વિગતો અને કાંઈક સમજ મળી છે.

કર્ણાટકમાં 'ઉડુપી' નામનું એક તીર્થસ્થાન છે. મધ્વાચાર્ય પ્રણિત દ્વૈતવાદી વૈષ્ણવ સંપ્રદાયનું અહીં પ્રધાન કેન્દ્ર છે. આચાર્ય શ્રી મધ્વાચાર્યજીએ એક કૃષ્ણમંદિર અને આ આઠ મઠમાંના એક મઠનું નામ પેજાવર મઠ છે. આ મઠના ગાદી-પતિને 'પેજાવર સ્વામી' કહેવામાં આવે છે. આપણા આ સુભદ્રામૈયા પેજાવરસ્વામીના દીક્ષિત સાધ્વી શિષ્યા છે. તેઓ પોતાના આ ગુરુસ્થાનમાં જ રહેતાં હતાં.

એકવાર પેજાવર સ્વામીના શિષ્યો અને સેવકોની એક મંડળી હિમાલયની યાત્રા માટે નીકળી. આશરે પચાસેક સ્ત્રી પુરુષો આ યાત્રા મંડળીમાં હતાં. આ મંડળીમાં આપણા સુભદ્રામૈયા પણ હતાં. તેઓ યાત્રાના ક્રમ પ્રમાણે ગંગોત્રી પહોંચ્યાં. ગંગોત્રીમાં સુભદ્રામૈયા ગંભીર રીતે બીમાર પડી ગયાં. તે સમયે તેમની ઉંમર પચીશ—છવ્વીશ વર્ષની હશે. સુભદ્રામૈયાને લાગ્યું કે હવે તેમનું શરીર ટકશે નહિ. તેમણે પોતાના સહયાત્રીઓને કહ્યું, "હવે મારું શરીર ટકવાનું નથી. મને ગંગા કિનારે લઈ જાઓ" ગંગાને કિનારે શરીર શાંત થઈ જાય તો આથી રૂડું શું? એમ વિચારીને સુભદ્રામૈયાએ મૃત્યુનું જાણે સ્વાગત કર્યું! સહયાત્રીઓ તેમને જોળી કરીને ગંગાકિનારે લઈ ગયા. ગંગાને કિનારે સૂતાં સૂતાં સુભદ્રામૈયાએ "શ્રી કૃષ્ણ શરણં મમ" મંત્રનો જપ શરૂ કર્યો, અને મૃત્યુની પ્રતીક્ષા કરવા લાગ્યાં. પરંતુ મૃત્યુની પ્રતીક્ષા કરવાથી મૃત્યુ આવે જ તેવું નથી. મૃત્યુ આપણી પ્રતીક્ષાને આધીન નથી. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, પસાર થયા. અખંડ મંત્રજપ ચાલુ છે.



મૃત્યુનો સ્વીકાર છે. સ્વાગત છે. પરંતુ મૃત્યુનું આગમન થતું નથી. સુભદ્રામૈયાને હૈયે નિરાંત છે. પરંતુ સહયાત્રીઓ હવે અકળાયા છે. તેમને થયું—આ સાધુડી તો મરતી પણ નથી, અને સાજી પણ થતી નથી. આપણે યાત્રા અટકાવીને અહીં ક્યાં સુધી બેસી રહેવું એક વ્યક્તિ માટે બીજા પચાસ જણ ક્યાં સુધી રાહ જોઈને બેસી રહે?

સાધુવૃત્તિના અને શાલીન સુભદ્રામૈયાએ સહયાત્રીઓની આ મનોદશા પારખીને તેમને કહ્યું—

"હવે મારું શરીર તો અહીં ગમે ત્યારે પડી જ જવાનું છે. તમારે મારા માટે તમારી યાત્રા અટકાવીને અહીં રોકાઈ રહેવાની જરૂર નથી. તમારી યાત્રા ચાલુ રાખો. મને તો શ્રીકૃષ્ણનું શરણ છે, અને અહીં ગંગામૈયાની ગોદ છે. તમારી યાત્રા મંગલમય હો. ઉડુપીમાં ગુરુમહારાજને મારા પ્રણામ કહેજો."

સુભદ્રામૈયાની હિંમત, નિર્લેપભાવ, મૃત્યુનો સ્વીકાર કરવાની તેમની શક્તિ વિરલ છે. સુભદ્રામૈયાએ શાલીનતા દાખવી, પરંતુ તેમના સહયાત્રીઓ શાલીનતા દાખવી શક્યા નહિ. બીજે દિવસે વહેલી સવારે બધા જ સહયાત્રીઓ પોતાની બસમાં બેસીને, સુભદ્રામૈયાને સાવ ભગવાન ભરોસે છોડીને, પોતાની આગળની યાત્રા માટે રવાના થઈ ગયા. એકાદ વ્યક્તિ પણ રોકાઈ નહિ, અને સુભદ્રામૈયાએ કોઈને રોકાઈ જવા કહ્યું પણ નહિ. તેમની એવી અપેક્ષા પણ ન હતી.

ગંગાને કિનારે સુભદ્રામૈયા એકલા સૂતાં છે.

'શ્રી કૃષ્ણ શરણં મમ' મંત્રનો જપ ચાલુ છે. સુભદ્રામૈયા સંપૂર્ણ નિર્ભય છે. જે મૃત્યુનું વરણ કરે, તેને કોનો ભય?

તે સમયે ગંગોત્રીમાં મૌનીબાબા નામના એક સાધુ રહેતા હતા. તેમને સમાચાર મળ્યા—ગંગા કિનારે એક બીમાર સાધ્વી મૃત્યુની વાટ જોતાં પડ્યાં છે. મૌનીબાબા પોતાના બે શિષ્યોને સાથે લઈને સુભદ્રામૈયા પાસે ગયા. બાબા જોળી કરીને મૈયાને પોતાના આશ્રમમાં લઈ આવ્યા.

ગંગોત્રીના સાધુઓ કસ્તુરીની ગોળીઓ પોતાની પાસે રાખે. તેઓ જાણે કે અહીં રહેનાર કે અહીં આવનાર યાત્રી-ઓને જે બીમારી આવે છે, તે મોટે ભાગે અતિ ઠંડીને કારણે આવે છે, અને કસ્તુરી તેનો સચોટ ઉપાય છે. મૌનીબાબાએ સુભદ્રામૈયાને પણ કસ્તુરીની ગોળીઓ આપવાનું શરૂ કર્યું. મૈયાને આ દવા લાગુ પડી. બીમારી ધીમે ધીમે હટવા લાગી, અને શરીર વળવા લાગ્યું. ધીમે ધીમે ખોરાક પણ શરૂ થયો. બેએક મહિનામાં સુભદ્રામૈયા સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયાં.

સ્વસ્થ તો થઇ ગયાં, પરંતુ સુભદ્રામૈયા હિમાલય છોડીને નીચે ઉડુપીના મઠમાં ગયાં નહિ. તેમણે વિચાર્યું કે હવે જ્યારે સૌએ મને મૃત્યુ પામેલી માની લીધી છે તો ભલે, આપણે હવે મૃત્યુ પામેલા જ રહીએ! મૈયા અહીં ગંગોત્રીમાં મૌનીબાબાના આશ્રમમાં જ રહી ગયાં. સાત્ત્વિક અને સાધન પરાયણ જીવન છે. તેઓ કોઈને નડતાં નથી અને કોઇ તેમને નડતાં નથી.

**यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।**
**हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥**

**ગીતા ૧૨—૧૫**

"જેનાથી કોઇ જીવને ઉદ્વેગ થતો નથી, અને જે કોઇ જીવથી ઉદ્વેગ પામતો નથી; જે હર્ષ, ઈર્ષ્યા, ભય અને ઉદ્વેગ આદિથી મુક્ત છે, તે ભક્ત મને પ્રિય છે."



સુભદ્રામૈયા આવાં ભક્ત છે, અને તેથી શ્રીકૃષ્ણ તેમને પ્રિય છે, અને શ્રીકૃષ્ણને તેઓ પ્રિય છે. સુભદ્રામૈયા મધ્વ-સંપ્રદાયના કૃષ્ણભક્ત વૈષ્ણવ સાધ્વી છે. આ એકાંતપ્રિય, સાધનપરાયણ, મિતભાષી અને સેવાભાવી સુભદ્રામૈયા થોડા જ વખતમાં ગંગોત્રીમાં સૌના આદર અને વંદનનું પાત્ર બની ગયાં. તેમનું હૃદય સરળ અને સ્ફટિક જેવું શુદ્ધ છે.

મૈયા મૌનીબાબાના આશ્રમમાં જ રહે છે. લોકો સાથે બહુ બોલતાં નથી. સાધનપરાયણ છે, અને સાથે સાથે આશ્રમની સેવા પણ કરે છે. આશ્રમની જરૂરિયાત પૂરતાં લાકડાં જંગલ-માંથી તેઓ જ કાપી લાવે છે. આશ્રમની બાજુમાં ગંગાકિનારે થોડી જમીન છે. સુભદ્રામૈયાએ આ જમીનમાં બટાટાની ખેતી શરૂ કરી. આશ્રમની વર્ષભરની જરૂરિયાત પૂરી થાય તેટલાં બટાટા તેઓ આ જમીનમાં પકાવે છે. આ રીતે તેઓ અહીં ગંગોત્રીમાં મૌનીબાબાના આશ્રમમાં સાત વર્ષ રહ્યાં. આ સાત વર્ષ દરમિયાન તેઓ ગંગોત્રી છોડી ક્યાંય ગયાં નહિ. દક્ષિણ-માં જન્મેલા અને દક્ષિણમાં ઊછરેલાં સુભદ્રામૈયા પહેલીવાર ગંગોત્રી ગયાં, અને ત્યાં જ રોકાઇ ગયાં. બારેમાસ, શિયાળા-માં પણ અહીં રહે. શિયાળામાં તો અહીં ચારે બાજુ બરફ છવાઈ જાય. મંદિર બંધ થઇ જાય, અને વાહનવ્યવહાર પણ સદંતર બંધ રહે. થોડા સાધુઓ સિવાય શિયાળામાં અહીં કોઇ રહે નહિ, રહી શકે નહિ.

સાત વર્ષ પછી સુભદ્રામૈયાને એકવાર વિચાર આવ્યો—એકવાર ગોમુખ જઇ આવું, ગંગામૈયાના મુખનાં દર્શન પામું. કશી તૈયારી વિના પહેરેલે કપડે જ ગોમુખ જવા નીકળી પડ્યાં. ગોમુખ પહોંચ્યાં. ગંગાસ્નાન કર્યું, ગંગા—મુખનાં દર્શન કર્યાં,

સ્તોત્રનો પાઠ કર્યો. વળતાં ભોજબાસાના લાલબિહારીદાસ-બાબાના આશ્રમમાં રાત્રિનિવાસ માટે રહ્યાં. રહ્યાં તે રહી જ ગયાં! પૂરું એક વર્ષ રહ્યાં. શિયાળામાં પણ ત્યાં જ! શિયાળામાં અહીં એકલાં જ રહ્યાં! સુભદ્રામૈયા નિર્ભય તો છે જ, પરંતુ મૃત્યુનું વરણ કર્યા પછી, યમરાજના મહેલના દ્વારને ખખડાવીને પાછા ફર્યા પછી સર્વથા નિર્ભય બની ગયાં છે. આ નિર્ભયતા તેમનું બળ છે. તેથી જ તેઓ ગંગોત્રીમાં સાતવર્ષ સુધી સતત, બારેમાસ રહી શક્યાં, અને તેથી જ તેઓ અહીં ગોમુખમાં શિયાળામાં પણ અને સાવ એકલા રહ્યાં, રહી શક્યાં!

એકવાર લાલબિહારીદાસબાબા પાસેથી સુભદ્રામૈયાએ સાંભળ્યું કે ગોમુખથી ઉપર 'તપોવન' અને 'નંદનવન' નામનાં બે મેદાનો છે. હિમશિખરોથી ઘેરાયેલો અને હિમનદીઓથી આચ્છાદિત થયેલો રમણીય પ્રદેશ છે. તપોવનમાં તો ઘણી ગુફાઓ પણ છે. અને અહીં કોઇવાર કોઇ તપસ્વી સાધુઓ પણ સાધના માટે વસતા હોય છે.

સુભદ્રામૈયાના મનમાં વિચાર આવ્યો—તપોવનની યાત્રા કરવી, હિમશિખરો અને હિમનદીઓના આ રમણીય અને પવિત્ર સ્થાનનાં દર્શન કરવાં. વિચાર આવ્યો, અને અમલ થયો. સુભદ્રામૈયા અહીં તપોવનમાં પહોંચ્યાં. આ સ્થાનની ઉત્કટ પવિત્રતા, ગહન એકાંત, પ્રગાઢ શાંતિ, પ્રકૃતિનું હિમ-મંડિત સૌંદર્ય! તેમને આ સ્થાન ગમી ગયું, મનમાં વસી ગયું. તપોવનમાં વિચરણ કરતાં કરતાં તેમણે આ ગુફા જોઇ. અંદર પ્રવેશ કર્યો. અંદર હૃદયગુફામાં બેઠેલા મુરલીધરે કહ્યું— "બેસીજા, અહીં!" ને સુભદ્રામૈયા બેસી ગયાં. બેઠાં તે કેવાં બેઠાં વર્ષો વીતી ગયાં, પરંતુ સુભદ્રામૈયા અહીં તપોવનની આ



ગુફામાં જ આસન ભીડીને બેઠાં છે. આ સાધુ—સાધ્વીઓને હું ઓળખું છું. નીકળે તો પવન જેવાં નિઃસ્પૃહ અને બેસે તો મેરુ, જેવાં અચલ! વર્ષો વીતી ગયાં, પરંતુ સુભદ્રામૈયા અહીં જ છે. બારેમાસ અહીં જ! શિયાળામાં પણ અહીં જ!

શિયાળામાં ઋષિકેશથી બસ ઉત્તરકાશીથી આગળ ન આવે. ઉત્તરકાશી અહીં તપોવનથી સોએક કિલોમિટર દૂર હશે. ઉત્તરકાશીથી તપોવન સુધીનો રસ્તો, પહાડો, નદીઓ, આખો પ્રદેશ બરફથી છવાઇ જાય છે. સુભદ્રામૈયા આવા કાતિલ શિયાળામાં પણ સાવ એકલાં અહીં આ તપોવનમાં આ ગુફામાં રહે છે. અહીંની કાતિલ ઠંડી અસહ્ય છે, અને તેથી તેને સહન કરવાનું કાર્ય ભારે કઠિન છે, પરંતુ તેથીયે કઠિન છે અહીંનું એકાંત! એકાંત પણ કેવું? જ્યાં માઇલો સુધી કોઇ માનવી, મહિનાઓ સુધી ન હોય તેવો કઠોર એકાંતવાસ, પરંતુ સુભદ્રા-મૈયાને આ એકાંતવાસ કઠોર લાગતો નથી, તેમને આ એકાંત-વાસ સાધનભજન માટેની પ્રભુપ્રદત્ત તક લાગે છે!

લાલબિહારીદાસબાબા સુભદ્રામૈયાને સીધુંસામાન મોકલે છે. બળતણ માટેનાં લાકડાં પણ નીચેથી જ આવે, કારણ કે આટલી ઊંચાઇ પર વૃક્ષો ઊગી શકતાં જ નથી. એક ગુફામાં મૈયા રહે છે, એકમાં કોઇ યાત્રી ક્યારેક આવી ચડે તો રહે, અને ત્રીજી એક નાની ગુફા છે, તેમાં લાકડાં ભરી રાખેલાં હોય છે.

શિયાળામાં અહીં ઠંડી કેટલી પડે? સુભદ્રામૈયા રોટલી માટે લોટ બાંધવા બેસે, લોટ પર પાણી છાંટે, તે પાણી લોટમાં પડે ત્યારે બરફની કરચોમાં બદલાઇ જાય. લોટ બાંધવો કેવી રીતે? શિયાળામાં લોટ બાંધવા માટે લગભગ ઊકળતું ગરમ પાણી જ વાપરવું પડે અને અગ્નિની પાસે બેસીને જે લોટ બાંધવો પડે.

શિયાળામાં અહીં પાણી ન મળે, બરફ જ મળે. બરફને ગરમ કરીને પાણી બનાવવું પડે.

અમે તો ઉનાળામાં ગયેલા તો પણ રાત્રે એક ડોલમાં ભરીને ગરમપાણી રાખેલું. સવારે તે પાણીનો બરફ બની ગયો હતો. જો ઉનાળામાં આમ તો શિયાળામાં કેવું? સુભદ્રામૈયા ઉનાળામાં જ નહિ, પરંતુ શિયાળામાં પણ સવારે સાડાત્રણ વાગ્યે ઊઠે અને સ્નાન અચૂક કરે. સ્નાન કરીને બાલકૃષ્ણની સેવા—પૂજા કરે. આવો તેમનો ક્રમ છે.

બીજે દિવસે સવારે અમે વહેલાં ઊઠ્યા, તોયે સુભદ્રામૈયા કરતાં ઘણા મોડા ઊઠ્યા. તેમણે અમને ગરમ પાણી આપ્યું, અને કોફી પણ પાઇ.

સુભદ્રામૈયાની અનુજ્ઞા લઇને અમે આગળ ચાલ્યા. તપોવનમાં બીજા એક સંત રહે છે—સિમલાબાબા. તેમની સાથે એક દિવસ રહ્યા. નંદનવનના પ્રાંગણ સુધી એક આંટો મારી આવ્યા. ત્રીજે દિવસે વળતાં અમે સુબદ્રામાતાની ગુફાપાસેથી પસાર થયા. માતાજી ગુફાના પગથિયા પર તડકામાં બેઠાં હતાં. અમને જોઇને બોલ્યાં, "આ ગયે? બૈઠિયે, મૈં કોફી બનાતી હૂં" અમે સિમલાબાબાએ પોતાના હાથથી બનાવેલો શુદ્ધ ઘીનો શીરો આરોગીને નીકળ્યા હતા. એટલે કોફીની નમ્રતાપૂર્વક ના પાડી.

મૈયા પાસે અમે પાંચેક મિનિટ રોકાયા. તેમની બેપરવાહી, નિર્લેપભાવ, સહજતા અને સરળતા અમને સ્પર્શી ગયાં.

પોતે આવા દુર્ગમ સ્થાનમાં રહેછે, કઠિન તપશ્ચર્યા કરે છે—તેવો કોઇ આછો પાતળો પણ અહંકાર સુભદ્રામૈયાને સ્પર્શી પણ શક્યો નથી.



અમે તેમને વંદન કરી, તેમની વિદાય લઇ ગોમુખ આવવા નીકળ્યા. સુભદ્રામૈયા આટલું જ બોલ્યા,

"લાલબાબા (લાલબિહારીદાસ) કો મેરે પ્રણામ કહના."

અમે આગળ ચાલ્યા.

મને થયું—

તપશ્ચર્યાદેવી, તિતિક્ષાદેવી, સરળતાદેવી, શ્રદ્ધાદેવી અને સાધનનિષ્ઠાદેવી—આ પાંચ દેવીઓને સંયુક્તસ્વરૂપે અવતાર લેવાનું મન થયું તેમણે અવતાર ધારણ કર્યો અને નામ રાખ્યું—સુભદ્રામૈયા!

સાંભળ્યું છે કે સ્વાસ્થ્યના કારણોસર સુભદ્રામૈયા હવે તપોવનમાં રહેતાં નથી. ગંગોત્રીથી નીચે કોઇ સ્થાનમાં નાનો આશ્રમ બન્યો છે. તેમાં તેઓ રહે છે.

**(ભારતયાત્રાના પાવક પ્રસંગોમાંથી)**

આ શરીર, આ શરીરના સંબંધીઓ, ધન, માન, પદ, પ્રતિષ્ઠા આ બધું આપણી અવિદ્યાગ્રંથિ પર પ્રતિષ્ઠિત છે, તેથી સર્વથા મિથ્યા છે. આ માયાની જાળમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે. માયાપતિ પરમાત્માનું અખંડ ચિંતન.

# ઉપનિષદ્‌નું અમૃત

યોગેશ્વરજી

## (જીવનમાં ઉપનિષદ્‌નું મહત્ત્વ)

કેટલાક માણસો પૂછે છે કે અત્યારના સંત–મહાત્માઓની અંદર અસલના ઋષિમુનિ જેવી શક્તિ છે? અસલના ઋષિ-મુનિના સંબંધમાં એમ કહેવાય છે કે તેમની પાસે વાઘ, સિંહ કે સાપ જેવાં હિંસક પશુ–પ્રાણી પોતાનો હિંસક સ્વભાવ ભૂલી કે છોડી દઈને શાંતિથી બેસી રહેતાં. ઋષિમુનિના આશ્રમના કેટ-લાક ફોટામાં પણ તેવાં જ દશ્યો દેખાય છે. એક તરફ કોઈ ઋષિ બેઠા હોય તો બીજી તરફ તેમની સામે જ વાઘ, રીંછ, સાપ, સિંહ ને ગાય બેઠાં હોય. બધાં વેરભાવ ને ભેદભાવને ભૂલીને મંત્રમુગ્ધ જેવાં થઈ ગયાં હોય. તેવા ઋષિમુનિની શક્તિ માટે આપણને ખરેખર માન ઉત્પન્ન થાય છે. અત્યારના કોઈ સંત–મહાત્મામાં તેવી શક્તિ છે ખરી, એવો પ્રશ્ન પૂછ-નારાને આપણે ઉત્તર આપીએ છીએ કે ભાઈઓ, તેવી શક્તિ વધારે યા ઓછા પ્રમાણમાં સારી સ્થિતિએ પહોંચેલા દરેક સંતપુરુષમાં હોય છે. યોગદર્શનમાં કહ્યું છે કે જે માણસ પોતાની અંદર અહિંસા ને સાર્વત્રિક પ્રેમભાવને વિકસાવે છે, તેનો પ્રભાવ એવો પ્રબળ હોય છે કે વેરભાવથી પ્રેરાયેલાં મનુષ્ય ને પશુપ્રાણી પણ તેની હાજરીમાં વેરભાવનો ત્યાગ કરે છે. મહાપુરુષોનો પ્રભાવ ભારે પ્રબળ ને અલૌકિક હોય છે. તેને વિશે જુદી જુદી વાતો જાણીતી છે. તુલસીકૃત રામાયણમાં કહ્યું છે કે કાકભુશુંડજીનો પ્રભાવ એવો ભારે હતો કે તે જે



સ્થાનમાં નિવાસ કરતા તે સ્થાનની આસપાસના ચાર ગાઉના વિસ્તારમાં અવિદ્યા રહી શકતી નહિ. મતલબ કે ચાર ગાઉના વિસ્તારમાં જે રહેતું કે વિચરણ કરતું તે સૌ કોઈ આત્મજ્ઞાનથી સંપન્ન થઈ જતું. અત્યારના સંત–મહાત્મામાં પણ તેવી એક યા બીજી શક્તિ નથી એમ ન કહી શકાય. પ્રત્યેકને પોતપોતાનો વિશેષ પ્રભાવ જરૂર હોય છે. અસલના ઋષિમુનિની આ વાત મેં કાઢી છે તો તેને મળતી એક બીજી વાત હું કહી દઉં.

સિંહ વનનો રાજા ને સૌનો સ્વામી, સરદાર કે નેતા ગણાય છે. વાઘ ને રીંછ ભારે હુમલાખોર, ઘાતકી ને ઝનૂની મનાય છે. તે અસલના ઋષિના આશ્રમના આંગણામાં આવીને શાંતિથી બેસતાં, તે પ્રમાણે રાજા, મહારાજા, શેઠ–શાહુકાર ને સમાજ કે દેશ–દુનિયાના મોટા–મોટા નેતા સંત–મહાત્માની પાસે આવીને બેસે છે ને તેમના ઉપદેશને ધારણ કરે છે. થોડાક વખતને માટે તો તે પોતાની મોટાઈને ભૂલી જાય છે. અહંતા, મમતા ને શ્રી તથા સંપત્તિનો જે નશો તેમને ચડ્યો હોય છે તે તેમની હાજરીમાં દૂર થાય છે. વાઘ કે રીંછની જેમ ભયંકર વેશવાળા ને બીજાનું શોષણ કરનારા માણસો–બીજાને ગફલત-માં નાખી, ફસાવી કે છેતરીને સકંજામાં સપડાવનારા દુષ્ટ પુરુષો–પણ તેમની પાસે પોતાની દુષ્ટતા ભૂલી જાય છે. તેમનો આ પ્રભાવ ને તેમની આ સિદ્ધિ શું નોંધપાત્ર નથી? આપણે તેના પર વિચારકરવાની ને તેની ઉપયોગિતાને સમજવાની જરૂર છે. તો આપણને વર્તમાનકાળના સંતપુરુષો પ્રત્યે પણ માનની ને કૃતજ્ઞતાની ભાવના થયા વિના રહેશે નહિ.

રીંછનું રૂપ કેવું વિચિત્ર હોય છે! તે ચારે તરફ ફરે છે ને જેના–તેના પર હુમલો કરે છે. સમાજમાં જે ચૌદશિયા કહેવાય

છે તે પણ તેવા જ હોય છે. જેનું–તેનું બગાડવામાં જ તેમને આનંદ આવે છે. કોઈના ભલામાં તે રાજી નથી હોતા. તેવા લોકો પણ સંતોની પાસે મંત્રમુગ્ધ થઈને બેસી જાય છે. સંતોની હાજરી તેમને પણ–ભલે થોડા કે કામચલાઉ વખત માટે પણ–શાંત કરનારી થઈ પડે છે. તે ઉપરાંત, એક બીજી જાતના લોકો છે જે પરંપરા ને રૂઢિમાં જ માને છે. તેમની પાસે કોઈ સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ ને કરેલા વિચાર પ્રમાણે ચાલવાની તાકાત નથી. તેમને બકરાં ને ઘેટાંની ઉપામા આપી શકાય. વળી એક બીજી જાતના માણસો છે. તે ગાયની પેઠે સરળ, દયાળુ ને માયાળુ હોય છે. તે સાદું ને સાત્ત્વિક, ઓછામાં ઓછી હિંસાવાળું જીવન વિતાવે છે. તેમનો ઉલ્લેખ ગાયને સ્થાને કરી શકાય. તે બધી જાતના માણસો સંતોની પાસે આવે છે, ને તેમની પાસે શાંતિથી બેસે છે. પહેલાંના ઋષિઓના આશ્રમમાં જેમ ગાય ને હરણ જેવાં પ્રાણી વાઘ–સિંહ સાથે શાંતિથી બેસતાં, તેમ વેપારી, વકીલ ને ડૉક્ટર જેવા જુદી જુદી રુચિ ને પ્રકૃતિના લોકો સંતોની હાજરીમાં ભેદભાવને કોરે મૂકીને એકસાથે બેસે છે ને તેમની વાતોને ધ્યાનપૂર્વક સાંભળે છે. સંતોની આ સહજ સિદ્ધિ શું ઓછી છે? ઠગ, ઠાકુર કે ચોર ગમે તે તેમનાથી પ્રભાવિત થાય છે, ને પોતાના જીવનના ઝેરને દૂર કરીને ઉત્તમ જીવન જીવવાની દીક્ષા લે છે. પશુ-પ્રાણીને પલટાવવા કરતાં મનુષ્યોને પલટાવવાની આ વાત ઓછી મહત્ત્વની નથી. તે પણ એક મોટી સિદ્ધિ છે.

## એક મહત્ત્વનો શ્લોક

(૧)

કેટલાક માણસોને ટેવ જ એવી પડી હોય છે : બોલવાનું



એક ને કરવાનું બીજું. એ તેમનો સ્વભાવ પડ્યો હોય છે. હાથીના જેવી તેમની દશા હોય છે. હાથીના ચાવવાના ને દેખાડવાના જુદા જુદા દાંત હોય છે, તેવી રીતે તેમનાં વિચાર, વાણી કે વર્તનમાં આભ–જમીનનો ફેર હોય છે. પરમાત્માને જાણવા માગનારા કે આત્મોન્નતિની ઈચ્છાવાળા માણસોએ તેવા સ્વભાવનો ત્યાગ અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો સુધાર કરવો જોઈએ. વિચાર, વાણી ને વર્તનને ગંગા, જમના ને સરસ્વતી કહી શકાય. માનવજીવનમાં તે ત્રણેનો સમન્વય થાય તો તે ત્રિવેણીસંગમનું રૂપ ધારણ કરી શકે. તેવો સમન્વય સાધનામાં ખૂબ જ જરૂરી છે. તેવા સમન્વયથી મન શાંત થાય છે ને એક પ્રકારની ઊંડી, પાર વિનાની પ્રસન્નતા ધારણ કરે છે. જીવનના આધ્યાત્મિક વિકાસને માટેનું ક્ષેત્ર પછી તદ્દન સહેલું બની જાય છે.

દુષ્કર્મોમાં જેનું મન નિરંતર રમ્યા કરતું હોય, તેની સાધના પણ કેવી રીતે સફળ થઈ શકે? માણસે પોતાના જીવનનું સતત નિરીક્ષણ કરીને તેને નિર્મળ કરવા વધારે ને વધારે પુરુષાર્થ કરવો જોઈએ. કેટલીક વાર સારા જિજ્ઞાસુ કે સાધક પણ ટેવ અથવા માનસિક નબળાઈને લીધે કુકર્મના ભોગ થઈ પડેલા જોવામાં આવે છે. તેવા સાધકનો આગળનો માર્ગ તેમની પોતાની જ ત્રૂટિ કે નબળાઈને લીધે અટકી પડે છે. માટે માણસે સદાચારી થવું જોઈએ ને હંમેશાં સત્કર્મો કરવાનો જ આગ્રહ રાખવો જોઈએ. ખરી રીતે તો માણસની સ્થિતિ જ એવી થવી જોઈએ કે કુકર્મો તરફ તેનું મન જાય જ નહિ. તેનો એ સહજ સ્વભાવ થઈ જવો જોઈએ. સતત જાગૃતિ ને આત્મનિરીક્ષણની ટેવથી એવો સ્વભાવ કેળવી શકાય છે.

ઉપનિષદ્ કહે છે કે પરમાત્માના સાક્ષાત્કાર તથા પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવા માટે બૂરાં કર્મોમાંથી માણસે તદ્દન મુક્તિ મેળવી લેવી જોઇએ. સાધનામાં લાગેલા માણસે પણ આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. કેટલાક માણસો ખૂબ મન લગાડીને ને શૂરવીર થઇને જુદી જુદી જાતની સાધના કરતા દેખાય છે, પરંતુ તેમનામાં નીતિ ને સદાચાર અથવા સત્કર્મોનો જોઇએ તેવો જમાવ નથી હોતો. તેવા માણસોનો બધો પરિશ્રમ જોઇએ તેવું ફળ આપનારો નથી થતો. મનને સ્થિર ને એકાગ્ર કરવામાં પણ તેમને વિલંબ થાય છે. ચિત્તની શુદ્ધિ અથવા તો ભાવ, વિચાર ને કર્મની પવિત્રતા દરેક જાતની સાધનામાં જરૂરી છે. પરમાત્માની પ્રાપ્તિ માટે તો તે ખૂબ જ આવશ્યક છે. તે વાત સદા યાદ રહેવી જોઇએ.

(૨)

સાધકોને માટે બીજી ઉપયોગી વાત મનને શાંત કરવાની છે. મનને શાંત કરવા માટે તેને શુદ્ધ કરવાની કોશિશ કરવી જોઇએ. મનને ઉત્તમ ભાવ ને વિચારોથી ભરપૂર બનાવવું જોઇએ. તે ઉપરાંત, કોઇ એક લક્ષ્ય કે ધ્યેયપદાર્થ પર તેને લગાડવું જોઇએ. તેમ કરવાથી એકાગ્રતા સહજ બની શકે છે ને એકાગ્રતા થઇ એટલે અર્ધાથી વધારે ભાગનું કામ સિદ્ધ થઇ ચૂક્યું. પછી પરમાત્માનો સાક્ષાત્કાર સહેલો થઇ પડે છે.

મન જ્યાં સુધી અનેક જાતની ભ્રમણા ને તૃષ્ણાથી ભરેલું હોય ત્યાં સુધી તે કેવી રીતે એકાગ્ર થઇ શકે? બીજી બધી જાતની તૃષ્ણા ને ભ્રાંતિનો ત્યાગ કરીને તે પરમાત્માના ભાવ, પ્રેમ ને તલસાટથી સંપન્ન બની જાય, ત્યારે પરમાત્માનાં સ્મરણ, મનન ને ધ્યાનમાં એક થઇ શકે છે. ધ્યાન ને



સમાધિની સ્થિતિ તે પછી તેને માટે સહજ બને છે.

તેવી સ્થિતિની પ્રાપ્તિ વિના, એટલે કે કેવળ તત્ત્વજ્ઞાનના તર્ક ને પરમાત્માની લૂખી વાતો કરવાથી, અનુભવસિદ્ધ જ્ઞાન કે પરમજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, ને પરમાત્મા પણ નથી મળતા. મતલબ કે પરમાત્માની પ્રાપ્તિ કેવળ વાતોનો નહિ પણ પ્રત્યક્ષ અનુભવનો વિષય છે. જીવનની કાયાપલટ ને સ્વભાવના સુધાર સાથે તેને નજીકનો ગાઢ સંબંધ છે. મન, વચન ને કાયાની નિર્મલતા તેમાં ખૂબ જરૂરી છે. એ વાત તરફ ધ્યાન દોરનારો એક મહત્ત્વનો શ્લોક ઉપનિષદ્‌માં રજૂ કરવામાં આવ્યો છે. જુઓ—

**नाविरतो दुश्चरीतान् नर शान्तो ना समाहितः ।**
**ना शान्त मानसेत्वाऽपि प्रज्ञानेनैनमाप्नुयात् ॥**

પરમાત્માને જ્ઞાનપૂર્વક જાણવા કે મેળવવામાં આવા સાધકો સફળ થઇ શકતા નથી :

(૧) દુષ્ટ કર્મો જેમણે છોડ્યાં નથી તે.

(૨) જે શાંત થયા નથી તે.

(૩) ધ્યાનાદિ કરીને સમાધિદશાએ પહોંચ્યા નથી તે. તેમ જ.

(૪) જેમનું મન સ્થિર કે એકાગ્ર નથી થયું તે.

આ શ્લોક સાધકો માટે ખૂબ ઉપયોગી છે તે દેખીતું જ છે.

# સૌરાષ્ટ્રના પ્રજાપ્રેમી રાજવીઓ

**સ્વામી જપાનંદ**

(૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી, તે પહેલાં આ દેશમાં ઘણાં બધાં દેશી રાજ્યો ને જાગીરદારો હતા. ગુજરાતમાં પણ નાનાં મોટા રજવાડાં હતાં. તેમાં સૌરાષ્ટ્રમાં વિશેષ હતાં.

સામાન્ય રીતે એક એવી છાપ પ્રવર્તે છે કે આ બધા રજવાડાઓમાં રહેતી પ્રજા દુઃખી હતી. પરંતુ એ વાત સાચી નથી. ગુજરાતમાં જે દેશી રાજ્યો હતાં તેમાં વડોદરા, ગોંડલ, મોરબી પ્રગતિશીલ હતાં તો બીલખા જેવું નાનું રજવાડુ એના દીવાન શ્રી ત્રિભુવનભાઈને લીધે કેવું અદ્‌ભુત માનવતાવાદી હતું તેની જાણકારી ''રામકૃષ્ણ જ્યોત્'' દીપોત્સવી અંકમાં 'મારું ગુજરાત ભ્રમણ—૧માં વાંચી અદ્‌ભુત આશ્ચર્ય થયું.

રામકૃષ્ણ મિશનના સ્વામી શ્રી જપાનંદજીએ પોતાના સૌરાષ્ટ્ર પરિભ્રમણની નોંધ લખી છે તેમાં બીલખા અને ગોંડલમાં કેવા સરસ રાજવીઓનો તેમને પરિચય થયો, તેની તટસ્થતાથી નોંધ લખી છે તે વાંચતા લાગે કે ખરે જ શાસનમાં સૂઝવાળા માણસો હોય તો આજની લોકશાહી કરતાં ત્યારે પણ લોકો વધુ સુખી ને સમૃદ્ધ હતા, તે જાણવા મળે. એ વાંચતા અમને જે આનંદ થયો, તેમાં અધ્યાત્મના વાચકો પણ સહભાગી થાય, એવા શુભ ભાવથી અહીં તો રજુ કર્યો છે. આશા છે, સહુને તે ગમશે. **—તંત્રી**)

## બીલખામાં શ્રી રામકૃષ્ણ સેવાશ્રમ

એ દરમિયાન બીલખા રાજ્યના દીવાન ત્રિભુવનભાઈ



સાથે પરિચય થયો. એમની સાથે બીલખા જઈને રાજ્યના ખર્ચે ધર્માદાનું એક આયુર્વેદિક દવાખાનું સ્થાપવા એમણે ઘણી વિનંતી કરી. બધો ખર્ચ રાજ્ય ઉપાડશે. વર્ષમાં ૧૦૦૦ કે એનાથી વધારે રૂપિયા ખર્ચ થશે તો પણ આપશે. એક સ્થાનિક વૈદ્ય રહેશે અને મારી સૂચના પ્રમાણે કામકાજ કરશે. મારે તો કેવળ સલાહસૂચન આપવાનું રહેશે અને બીજી કોઈ જવાબદારી નહિ. આ ઉપરાંત મારે બીલખા રાજ્યમાં એક શાળા સ્થાપવામાં પણ સહાય કરવી પડશે. એને માટે મકાન તથા કર્મચારીઓ રાજ્ય તરફથી મળી રહેશે. આ કાર્ય એક પ્રયોગ રૂપે થશે, પૂરેપૂરી જવાબદારી રાજ્યની રહેશે અને જો રાજ્ય નિયમિત રૂપે ખર્ચ નહિ આપે તો કામકાજ બંધ થઈ જશે, એ શરત પર હું રાજી થયો.

પૂજ્ય સુધીર મહારાજ (સ્વામી શુદ્ધાનંદજી)ને આ વિશે સૂચના મોકલી દીધી. એનું કારણ એ હતું કે લોકોની કદાચ એવી ધારણા થાય કે આ મિશનની જ એક શાખા છે. આમ તો ત્રિભુવનભાઈના આગ્રહથી એનું નામ 'શ્રીરામકૃષ્ણ સેવાશ્રમ' રાખવામાં આવ્યું. શુભ મુહૂર્ત જોઈને આશ્રમનો પ્રારંભ થયો. આશ્રમ શરૂ થતાં પહેલાં સ્વામી વિશ્વાનંદ મારી સાથે આવ્યા હતા. ફણિ મહારાજ પણ હતા. દરબાર રાવતવાળાને ત્યારે નવી નવી ગાદી મળી હતી. ખૂબ ધામધૂમ સાથે કાર્ય શરૂ થયું. ઘણા લોકો દવા લેવા આવતા. ગુજરાતી ભાષામાં તંદુરસ્તી વિશે બે ચાર્ટ છપાવીને લોકોમાં વહેંચ્યા. ક્ષય રોગના રોગીઓ માટે કેટલીક સૂચનાઓ પણ વહેંચી. હરિજન માટેની આઠ સ્કૂલોનો પણ પ્રારંભ થયો. કુલ ૨૪ ગામ હતાં. એમાંથી આઠ સ્કૂલ સારી ગણાય. ગામડામાં તેમજ મોટા ગામમાં સ્વાસ્થ્ય

જાળવવા માટે સફાઈ અને દીવાબત્તીની વ્યવસ્થા કરવામાં આવી. એક ઝાડુવાળો બધા રસ્તાને સાફ કરીને ધૂળકચરો એક ખાતરના ખાડામાં ફેંકી આવતો. ઝાડુવાળાને કામને બદલે જમીન આપવામાં આવી. ખાતરને વેચીને પણ પૈસા મળે. એમાંથી મુખ્ય રસ્તાના મુખ્ય મુખ્ય સ્થલે એમાંયે વિશેષ કરીને અંધારિયામાં દીવાબત્તીની વ્યવસ્થા થતી. એમાંથી જો પૈસા બચે તો રસ્તા કે ઘાટની મરામત વગેરે થતાં.

ત્રિભુવનભાઈ દ્વારા એક બીજું પણ કામ કરાયું. આ કાર્ય સર્વત્ર અનુકરણીય છે. કાર્ય આવું હતું, જે ખેડૂત વૃદ્ધાવસ્થા કે અપંગતાને લીધે કાર્ય ન કરી શકે અને જે ખેડૂતની પત્નીઓ વિધવા કે પુત્રહીન હોય અને વૃદ્ધ થઈ ગઈ હોય તો એમના ખેતરમાં જે કંઈ ઉપજ થાય તે એવા લોકોને મળતી રહે એ શર્ત સાથે રાજ્ય પોતે એમની ખેતીની વ્યવસ્થા કરે. જો અનાજ વર્ષભરનું પૂરતું ન પાકે તો બાકીનું અનાજ રાજ્ય આપે, એવી પણ શરત હતી. આ વ્યવસ્થા એટલા માટે થઈ હતી કે કોઈને અન્નના અભાવે ભીખ ન માગવી પડે અને કોઈની લાચારીભરી અધિનતા સ્વીકારવી ન પડે. આ એક ઘણું અગત્યનું કાર્ય થયું.

હરિજન કુટુંબના છોકરાઓ મેલાં કપડાં પહેરીને શાળાએ આવતા એટલે રાજ્ય તરફથી એમને વર્ષમાં બે જોડી કપડાં—બે લેંઘા, બે ટોપી અને બે ઝભ્ભા—ની વ્યવસ્થા કરાવી હતી. આ કપડાં ધોઈને સાફ કરવા માટે અઠવાડિયામાં એક વાર સોડા–સાબુ કે અરીઠાં પણ અપાતાં.

૧૯૩૦ થી ૧૯૩૭ સુધી આ કામ થયું. ૧૯૩૭માં ત્રિભુવનભાઈનું અવસાન થયું. એ વખતે હું બેલૂર મઠ ગયો હતો. શ્રીરામકૃષ્ણ જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં ૧૯૩૬ના અંતે



હું બેલૂર મઠ ગયો. ત્યાર પછી હું ક્યારેય બીલખા ગયો ન હતો. એમના દેહાવસાન પછી એમનો મોટો દીકરો દીવાન થયો. કરજ એટલું બધું વધી ગયું કે રાજ્યને વેંચી નાખવાની ઘડી આવી ગઈ છે. રાજકુળના છોકરાઓ યુરોપમાં હરીફરીને મોજમજા કરીને આટલું મોટું કરજ ચડાવી દીધું હતું. આમેય આ બધું રાજાના સહકારથી થયું હતું. ૨૦ લાખનું દેવું હતું અને આવક હતી ૪–૫ લાખની!...જેમ બધે બને છે એવું અહીંયે થયું.

આ બધી માહિતી મળતાં મેં સેવાશ્રમ બંધ કરવા લખી નાખ્યું. આ બાજુએ લોકો બંધ કરવા ઈચ્છતા ન હતા. એમાં કંઈક ભાવ–લાગણીની વાત પણ હતી. જો કે જનરલ સેક્રેટરી પૂજ્ય સુધીર મહારાજ (સ્વામી શુદ્ધાનંદજી) કાઠિયાવાડમાં પરિભ્રમણ કરવા માટે આવીને આ સ્થળે સાત–આઠ દિવસ રહ્યા હતા અને એમને આ જગ્યા પસંદ પણ હતી. આમ હોવા છતાં પણ હું ક્યાંક આવા એક નાના એવા સ્થળે બંધાઈને ન રહી જઉં એટલે મઠના સંવાહકો વારંવાર આ કામમાંથી મુક્ત થવાનું જણાવતા હતા. આ વાત જ્યારે મેં ત્રિભુવનભાઈને જણાવી ત્યારે એમણે મારા બંને હાથ પકડીને કહ્યું : 'સ્વામીજી જેટલા દિવસ હું છું, એટલા દિવસ અહીં રહો. પછી આપની ઈચ્છા.' ફરી પાછો જ્યારે એમની પાસેથી વિદાય લેવા ગયો અને એમને જણાવ્યું કે શ્રીરામકૃષ્ણ શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટે બેલૂર મઠમાંથી આમંત્રણ આવ્યું છે અને જનરલ સેક્રેટરી મહારાજે આવવા માટે તેડુ મોકલ્યું છે ત્યારે એમણે સજલનયને વિદાય આપતાં કહ્યું : 'એવું લાગે છે કે હવે પાછા મળીશું નહિ!' અને ખરેખર એવું જ થયું. ૧૯૩૭માં એમનું દેહાવસાન થયું.

## ગોંડલના રાજાનું આતિથ્ય

પછીના દિવસે સાંજે દરબારની વ્યવસ્થાથી ગોંડલ ગયો. આ શહેરનો બાહ્ય વિસ્તાર ઘણો સુંદર હતો. સડક તથા મકાન બધાં મહારાજાએ વિલાયતી ઢબે બનાવ્યાં હતાં. આમ છતાં પણ જૂનું શહેર સ્વચ્છ, સુંદર થઇ ન શક્યું. તેઓ પ્રયાસ કરી રહ્યા છે.

ગોંડલના મહારાજા એક અદ્‌ભુત વ્યક્તિ છે. એમની મહેસુલી આવક ૪૦ લાખ રૂપિયા છે. આ ઉપરાંત રેલવે છે, મુંબઇના શેર છે. બીબીસીઆઇ રેલવેના પણ શેર છે. એમની આવક ઓછામાં ઓછી ૧ કરોડ કે તેનાથી થોડી વધારે હશે. તેઓ સ્વતંત્ર મિજાજના વ્યક્તિ છે. રાજા હોવા છતાં પણ કોઇ મોટા સાહેબોને ચા પણ ન પાતા. રાજ્યમાં આમંત્રણ આપીને એમને બોલાવતા પણ નહીં. એટલું જ નહિ પણ આવા બાબુ સાહેબો આવીને હાજર થઇ જાય એ ભયે પોતાના પાટનગર ગોંડલમાં એકેય આધુનિક અતિથિગૃહ પણ નહોતું બનાવ્યું. સ્વદેશી સન્માનનીય વ્યક્તિઓને ઉતરવા માટે એમની એક સાધરણ જેવી ધર્મશાળા છે. એમના કાયદા–કાનૂન ઘણ કડક છે. કોઇ મહેમાન આવે તો એમની બધી આવશ્યકતાઓ પહેલેથી જ પૂછી લેવાતી. દા. ત. સવારે સાંજે કેટલા કપ ચા જોશે? વગેરે. અતિથિ જે કંઇ કહે એ જો વધારે પડતી આવશ્યકતા લાગે તો મેનેજર એની તત્કાલ ના પાડી દે. એમને ફરીથી આદેશ મેળવવો પડે. પણ ફોનની સુવિધા હતી, એટલે આ બધું શક્ય થતું.

રાજકુમારોને માસિક ખર્ચ બાંધી આપ્યો છે–દોઢ હજારથી વધારે કોઇનોય ખર્ચ નહીં. અને એ રકમનો આવશ્યક્તા



પ્રમાણે જ ખર્ચ કરી શકાતો. અને જો વધારે જરૂરત પડે તો એ મેળવવી એમને માટે અત્યંત કઠિન બની જતી. એમને ઉધાર દેવાવાળાએ પણ દંડ દેવો પડે એવો હુકમ હતો. એટલે એક રાજકુમાર શાકભાજીની ખેતી કરી અને ઉપરની કમાણી કરી લેતા.

અહીં હું એક નાની ઘટના વર્ણવું છું : એકવાર હું રાજકોટથી મોટરકારમાં એક ધનવાન મિત્ર સાથે ફૂલછોડ ખરીદવા ગોંડલ મહારાજાની નર્સરીમાં જતો હતો. નર્સરીમાં જઇને ફૂલછોડ પસંદ કર્યા અને પછી સુપ્રિટેન્ડન્ટને એ બતાવ્યા. તેઓ એ ફૂલછોડની કિંમત જાણવા માટે દરબાર પાસે ગયા. બગીચામાં ફરતાં ફરતાં પાકેલાં કેળાંની લૂમ જોઇને મારા મિત્રને એમાંથી થોડાં કેળાં લેવાની ઇચ્છા થઇ. એમણે માળીને વાત કરી. માળી તો પોતાની જીભ કાઢીને બોલી ઊઠ્યો : ‘બાપ રે, હું મરાઇ જઇશ. એમના હુકમ વિના કંઇ પણ ન થઇ શકે. જુઓ ને, કાલે એક રાજકુમાર બગીચામાં આવ્યા હતા અને પોતાના હાથે તોડીને કેળું ખાધું અને પોતાના મિત્રને પણ આપ્યું. એને પરિણામે એમને આવો દંડ મળ્યો–એક મહિના સુધી બગીચામાં પ્રવેશવું નહીં અને ત્યાર પછી પણ દરબારની અનુમતિ વિના જો ફળઝાડ કે ફૂલછોડ પરથી ફળફૂલ તોડ્યાં તો કુમારે તો દંડ દેવો પડે પણ માળીએય દંડ દેવો પડશે.’ એમનો સર્વત્ર આવો સખત હુકમ છે અને કડક કાયદા–કાનૂન છે.

તેઓ પોતે ઘણું સાદું જીવન જીવતા. પોતે દારૂ ન પીતા અને પોતાની જાતિના મહેમાનોને પણ પીવા ન દેતા. દાદાના જમાનાની ચાંદીની એક ઘોડાગાડી છે. રાજ્યનું કોઇ વિશેષ

કામ હોય તો એમાં જાય છે. ટી—મોડેલની જૂની ફોર્ડકાર એમની પાસે હતી. એ ગાડી બગડી ગઇ એટલે હવે પાંચ સીટવાળી એક સાધારણ ગાડી લીધી છે. દૂર જવાનું હોય તો એ ગાડીમા તેઓ જાય છે. ઘર તેમજ કચેરીમાં મોટા ભાગની ખુરશીઓ, ટેબલ જૂના જમાનાના છે. ખૂબ જરૂરી હોય ત્યારે પોતાની દેખરેખ હેઠળ યુરોપિયન પેટર્નની અદ્‌ભુત ચીજો પણ બનાવે છે—ડિઝાઇન, ફિનિશિંગ વગેરે બધું ઉચ્ચકોટિનું હોય છે. તેઓ પોતે સ્કોટલેન્ડની ગ્લાસ્ગો વિદ્યાલયના વિદ્યાર્થી હતા. ત્યાંથી એમણે ઓનરેરી ડોક્ટરેટની ડિગ્રી મેળવી છે. અંગ્રેજીમાં આયુર્વેદ ઔષધિઓનો ઇતિહાસ લખે છે. વિલાયતમાં ચિકિત્સા વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો અને એન્જિનિયરિંગ પણ શીખ્યા હતા. એટલે જ ભવન નિર્માણ, સડક નિર્માણ, પુલ બાંધવા એ બધાના નકશા પોતે જ બનાવતા અને પોતાના નિર્દેશ પ્રમાણે જ એ બધાનું નિર્માણ કરાવે છે. બધું સુંદર સુનિયોજિત અને આંખને ગમે તેવું હોય છે. એમનો બોટનિકલ ગાર્ડન—વનસ્પતિ ઉદ્યાન પણ જોવા જેવો છે. જેટલા પ્રકારનાં ઔષધિ, છોડવૃક્ષ મેળવવા શક્ય હતાં એ બધાંનો સંગ્રહ કરીને આ બગીચામાં વાવ્યાં હતાં. દરેક ગામમાં મોટરગાડીઓ જઇ શકે એવા યોગ્ય ઉચ્ચ પ્રકારના પાકા રસ્તા છે, ટેલિફોન છે. ગામની શાળાઓનાં મકાન પણ સુંદર અને પાકાં છે. મોટા ગામમાં દવાખાનું પણ છે.

આખા ગુજરાત અને કાઠિયાવાડમાં ગોંડલની પ્રજા જ સર્વાધિક સુખી છે. બાપદાદાના સમયથી જ ઊપજનો પાંચમો ભાગ ટેક્સ રૂપે કે મહેસૂલ રૂપે દેવો પડે છે. બીજા કોઇ કરવેરા નથી. રાજ્યમાં મુક્ત વેપાર ચાલે છે. એનાથી ચાલીસ લાખની



આવક થાય છે. જે કંઇ મળે છે એના મોટાભાગનો હિસ્સો તેઓ શાળા, દવાખાના અને સડકો પર ખર્ચે છે.

ગોંડલના રસ્તા ભારતના સર્વશ્રેષ્ઠ રસ્તા છે. જે કોઇ ત્યાં જાય છે તે આ જ કહે છે અને એ જ વાત સાચી છે. ગોંડલનો ખેડૂત હળધારી ખેડૂત છે. પોતે લખપતિ હોય તોયે પોતે જ હળ ચલાવે છે. રાજ્યના એક નગરમાં ખેડૂતોની એક નવી વસતી જોઇને આશ્ચર્યમુગ્ધ બની જવાય છે. એનું કોઇ પણ મકાન પચાસ હજારથી ઓછા ખર્ચે બન્યું નથી. અરે! અહીંની પટલાણીઓના ચણિયાની કિનારી પર સોનાની ઝરીવાળા ગોટા હોય છે. એ બધી સ્ત્રીઓ બે ત્રણ હજારના દાગીના પહેરીને ખેતરમાં કામ કરે છે. શું આ એક અદ્‌ભુત દર્શનીય દશ્ય નથી! રાજા પોતે ખૂબ સાદો સીધો પોશાક પહેરે છે અને જોવામાં સામાન્ય કાઠિયાવાડી ગૃહસ્થ લાગે. શરીરે સાબુ ન લગાડે અરીઠાનો પ્રયોગ કરે છે. એમના કપડાંલત્તા પણ અરીઠાથી ધોવાય છે છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન એમના શરીર પર એક નાની ફોડલી પણ નથી થઇ. તેઓ કહે છે : ‘ભગવાને પોતે જ જો કુદરતી સાબુ બનાવી દીધો છે તો એ જ શરીર માટે ઉત્તમ છે.’ તેઓ લોભી નથી, એનું પ્રમાણ આના આધારે મળે છે. બિહાર અને ક્વેટાના ભૂકંપમાં એમણે જ સર્વપ્રથમ ૧ લાખ રૂપિયા અને એમની રાણીઓએ કુલ મળીને ૧.૫ લાખ રૂપિયા દાનમાં દીધા હતા. આ દાન કરીને એમણે બાકીના બીજા રાજા—મહારાજાઓને શરમાવી દીધા હતા. પોતાના રાજ્યમાં સત્કાર્યો માટે તેઓ સારું એવું દાન કરતા રહે છે.

પરંતુ તેઓ પણ દોષરહિત વ્યક્તિ નથી. લોકો કહે છે કે એમનામાં કેટલાક દોષ પણ છે. આમ હોવા છતાં પણ એમના

જે ગુણ છે અને પોતાના રાજ્યની ઉન્નતિ માટે એમણે જે કંઇ કર્યું છે, એમનો નીડર અને સ્વતંત્ર મિજાજ દંભ અને આડંબર વિનાનું જીવન. રાજાઓમાં જે સામાન્ય દોષ હોય એવા દોષો વિહોણું જીવન, શિકાર અને મદિરાપાર્ટીથી દૂર રહેવું, વગેરે નિઃસંદેહ શ્રેષ્ઠ ગુણો છે. આ ગુણ મોટાભાગના રાજાઓમાં જોવા મળતા નથી. જો આવા ગુણ એ બધા રાજાઓમાં હોત તો ભારતની સિકલ જ બદલી જાત. એમનું અનુકરણ કરીને મોરબીના મહારાજા શ્રી લખધીરસિંહજીએ પોતાના રાજ્યમાં રસ્તા વગેરેની વ્યવસ્થા કરી છે.

### ગૃહસ્થ ભક્ત જગજીવનરામ

જેતપુરથી હું વડિયા ગયો. આ પણ નાનાં નાનાં બાર ગામડાંના કાઠી રાજાની રાજધાની હતી. વડિયાની પાસે એનાથી લગભગ ૧ માઇલ દૂર એક ગામ છે. ત્યાં એક વિખ્યાત ગૃહસ્થ ભક્ત જગજીવનરામ રહે છે. એમને ત્યાં હું બે અઠવાડિયાથી વધારે સમય રહ્યો. તેઓ ખરેખર ઘણા મોટા ભક્ત છે. ઘણા સાધુફકીર એમને ત્યાં આવે છે, એમનું દેવાલય માત્ર એક છાપરું નાખીને બનાવેલું છે. અહીં સૌને માટે સ્થાન છે. તેઓ પોતે વિષ્ણુભક્ત વૈશ્ય હતા છતાં પણ બીજા સંપ્રદાયના લોકો માટે પણ ત્યાં સ્થાન મળી જતું અને કોઇ સંન્યાસી આવે તો એમને ખૂબ માનસન્માન સાથે રાખતા. કોઇ સારો સાધુ આવે તો એને જવા જ ન દેતા. કહેતા : 'અરે! રહોને! અહીં રહીને ભજન કરજો.' જમીનમાં અનાજ વગેરે મળે છે, આવક ઓછી છે એટલે દરરોજ બોજનમાં બાજરાનો રોટલો, અડદની દાળ અને પાતળી ખાટી છાશ રહે છે. એની સાથે કેવળ લીલા મરચાનું અથાણું મળતું. પોતે પણ એ જ



ખાય છે અને મહેમાનોને પણ ખવડાવે છે. સર્વદા ધર્મચર્ચા કરતા રહે છે. ક્યારેય વ્યર્થ વાતો થતી નથી. ખરેખર સદાનંદી પુરુષ છે. એમના ભાઇઓને અનાજનો વેપાર છે, એમની સાથે થોડા દિવસ ખૂબ આનંદપૂર્વક વીતાવ્યા. દૂર દૂરથી સાધુ સંન્યાસીઓ આવીને એમના નાના આશ્રમમાં આવે છે, રહે છે અને એમનાથી પ્રત્યેક સંતોષ લઇ જાય છે, એ બધું મેં જોયું. ધન્ય છે, ભક્ત જગજીવન. (આ જ શ્રી જલારામ બાપા)

આપણે આ સૃષ્ટિ પાસેથી સતત શીખતા રહીએ તો વિકસતા રહીએ, અને શીખતા રહેવું, વિકસતા રહેવું તે જ તો શિષ્યત્વની ચાવી છે.

જેઓ જીવન પ્રત્યે જાગ્રત થયા છે, તેમને માટે તો એક જ કર્તવ્ય છે—આત્મચિંતન કે ભગવત્ ચિંતન

— યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪